આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂા. ૨૦/- • વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/- • Publication 2nd of Every Month

# ઘરશાળા

સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪

વર્ષ : ૮૫ • અંક : ૫
સળંગ અંક : ૧૦૧૭
ઓગષ્ટ-૨૦૨૫



## ૧૫ ઓગષ્ટ ૨૦૨૫
## જય હિન્દ

**માધ્યમ ગુજરાતી ઉત્તમ અંગ્રેજીનો પ્રોજેક્ટ અંતર્ગત સતત ત્રણ વર્ષથી સરસ્વતી કુમારશાળા નં.૧ અને શાંતીકુમાર કોઠારી વિદ્યાલયને સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરવા બદલ એવોર્ડ એનાયત કરવામાં આવ્યા. ભાગ લેનાર સૌ વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા આચાર્યોને ખૂબ ખૂબ અભિનંદન.**







**સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે યોજાયેલ જ્ઞાન ગૌરવ કાર્યક્રમની લાક્ષણિક તસ્વીરો**









# ઘરશાળા

વર્ષ : ૮૫

સળંગ અંક : ૧૦૧૭ ઓગસ્ટ - ૨૦૨૫

| | |
|---|---|
| સ્થાપક તંત્રીઓ : | હરભાઈ ત્રિવેદી<br>રઘુભાઈ નાયક |
| તંત્રીઓ : | જ્યોતીન્દ્રભાઈ દવે<br>સજુભા ઝાલા |
| સહતંત્રી : | અશોકભાઈ સોમપુરા |
| વ્યવસ્થા અને સંકલન : | કે. ડી. પટેલ |
| પરામર્શ : | અમિતાબહેન પાલખીવાલા |


આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.

શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.

પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.


**-: ઘરશાળા કાર્યાલય સરનામું :-**

સરસ્વતી વિદ્યામંડળ
ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ
સરસપુર, અમદાવાદ - ૩૮૦૦૧૮

ફોન નંબર :- ૦૭૯ -૨૨૯૨૦૫૩૭
મોબાઇલ નંબર :- ૯૨૨૭૭૫૨૫૨૩

email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication


## અનુક્રમ


| | |
|---|---|
| વિશ્વશાંતિ | ઉમાશંકર જોશી /૪ |
| સંપાદકીય : સ્વાતંત્ર્ય દિને ''સર્વે ભદ્રાણિ પશ્યન્તું'' | જ્યોતીન્દ્રભાઈ દવે /૫ |
| શિક્ષણનું સંચાલન કોની પાસે? | ડૉ. રઘુભાઈ નાયક/૭ |
| વિદ્યાક્ષેત્રે કબીરવડ | ઈશ્વર પરમાર/૯ |
| હરભાઈનું સામાજિક કાર્ય | વિનાયક પંડ્યા/૧૬ |
| આઝાદી પર્વ નિમિત્તે થોડીક વિચારણા | અશોક સોમપુરા/૨૦ |
| આઝાદીના ગર્ભમાં રહેલા નવરસ | અમિતાબેન પાલખીવાલા/૨૧ |
| મારા બાલમંદિરની સફળતા | જસુબેન પટેલ/૨૭ |
| ૧૧ જુલાઈ વિશ્વ જનસંખ્યા દિવસ | ડૉ. ગિરિશભાઈ પટેલ/૩૦ |
| પુસ્તકની ઉપેક્ષા | બંકિમચંદ્ર બ્રહ્મભટ્ટ/૩૨ |
| વીજાણુ ઉપકરણો... પ્રબળ પડકાર | દિનેશ માંકડ/૩૩ |
| સફારી મેગેઝિનની વિદાય | /૩૫ |
| આપણા રાષ્ટ્રીય પ્રતિકો | વસંત મ. દવે/૩૬ |
| શિક્ષણ સમાચાર | અશોક સોમપુરા/૩૯ |


## લવાજમ અંગેની માહિતી

| લવાજમ | ભારત | | પરદેશ | |
|---|---|---|---|---|
| વાર્ષિક | ₹ | ૨૦૦ | ₹ | ૨૦૦૦ |
| ત્રિવાર્ષિક | ₹ | ૫૦૦ | ₹ | ૫૦૦૦ |
| પાંચ વર્ષ | ₹ | ૮૫૦ | ₹ | ૮૫૦૦ |

લવાજમ માટેનો ચેક ઘરશાળા માસિક ના નામે લખી કાર્યાલયના સરનામે મોકલવો. ઓનલાઇન/ ચેકથી લવાજમ ચૂકવો ત્યારે તેની વિગત સાથે ગ્રાહકનું નામ સરનામું વૉટ્સઅપ દ્વારા મોબાઈલ નંબર -૯૨૨૭૭૫૨૫૨૩ પર અચૂક જાણ કરવી.

-: ઓનલાઈન માધ્યમથી લવાજમ મોકલવા માટે :-
બેંકનું નામ :- બેંક ઓફ બરોડા
ખાતા નંબર :- ૦૮૫૮૦૧૦૦૦૦૧૧૧૭ ખાતાનુ નામ :- ઘરશાળા માસિક
આઇ.એફ.એસ.સી. કોડ :- BARB0SARASP.(Fifth character is zero)

## વિશ્વશાંતિ

સૌ જીવ આજે ઉરથી વહાવીએ
કારુણ્યની મંગલ પ્રેમધારા,
વસુંધરાનાં સહુ બાળકો મળી
બજાવીએ અંતરએકતારા,
હૈયેહૈયાં પ્રેમગાને જગાવી,
પ્રજાપ્રજા હાથમાં હાથ ગૂંથી,
ને સ્કંધે સ્કંધ સંપે મિલાવી,
ગજાવીએ સૌ જગઉંબરે ઊભીઃ
માનવી પ્રકૃતિ, સૌને 'वसुधैव कुटुम्बकम!'
ને એ જશે શબ્દ અનંત વીંધી
જ્યાં ઘૂમતી કોટિક સૂર્યમાલા,
જ્યાં શાંતિના રાસ ચગે રસાળા,
यत्र विश्वं भवत्येकनीडम्।

- **ઉમાશંકર જોશી**

# સંપાદકીય



જ્યોતીન્દ્રભાઈ દવે

**સ્વાતંત્ર્ય દિને सर्वे भद्राणि पश्यन्तु**

ગઈ સદીના ઉત્તરાર્ધમાં વિશ્વે બે ભયાનક મહાયુદ્ધો જોયા. તેના પરિણામ સ્વરૂપ લાખો નિર્દોષ માણસોએ જાન ગુમાવ્યા. આ માનવ ઈતિહાસનો મોટો નરસંહાર હતો. જાનમાલની મોટી ખુવારી સાથે વિશ્વનો નકશો પણ બદલાયો. યુરોપના દેશોનો સંસ્થાનવાદ નબળો પડ્યો. ભારત આઝાદ થયું સાથે સાથે ૧૯૫૦ પછી દુનિયાના અનેક દેશો સ્વતંત્ર થયા. ભીષણ રાત્રિ પછી રાજકીય આઝાદીનો સૂર્ય અનેક રાષ્ટ્રોમાં ઉગ્યો. બીજા વિશ્વયુદ્ધના વિનાશ પછી માનવજાતમાં એક સામુહિક ડહાપણ બહાર આવ્યું. રાષ્ટ્રો સંસ્થાનવાદમાંથી ધીમે ધીમે મુક્ત થતા ગયા અને લોકશાહી અને માનવ સ્વાતંત્ર્યનો **પોર ઉગ્યો** હોય તેવું વાતાવરણ વિશ્વે અનુભવ્યું. પરિપાકરૂપે યુનો, યુનેસ્કો, યુનિસેફ, વિશ્વબૅંક, વિશ્વ આરોગ્ય સંસ્થાન જેવી સંસ્થાઓ અસ્તિત્વમાં આવી અને વિશ્વ કલ્યાણ માટેનું વાતાવરણ અને દિશા ઉઘડી.

પરંતુ આ પરોઢ બહુ લાંબુ ટક્યું નહીં. સ્વતંત્ર થયેલાં કેટલાંક રાષ્ટ્રોમાં લોકશાહી અને સ્વતંત્રતાનું બાલમરણ થયું. તેના કારણોની ચર્ચા કરીએ તો પાના ભરાય, પણ સંસ્થાનવાદી રાષ્ટ્રો વિશ્વમાં કલહનું અને ઝઘડાનું બી રોપતા ગયા.

આ પરિણામ સ્વરૂપે જુદા પ્રકારના આંતરિક વિગ્રહો અને યુદ્ધો ચાલુ રહ્યા, ફળસ્વરૂપ ૧૯૫૦-૬૦ના દાયકામાં કોરીયાનું યુદ્ધ-ભારત પાકિસ્તાન યુદ્ધ-વિયેતનામ યુદ્ધ ક્યુબાના વિદ્રોહ યુદ્ધ, ઈરાક અમેરિકા યુદ્ધ, રશિયા અને યુક્રેનનું ઈઝરાઈલ-પેલેસ્ટાઇન યુદ્ધ, રશિયા - યુક્રેન યુદ્ધ જે આજે પણ તેનું ભયંકર અને વરવું સ્વરૂપ આપણે જોઈ રહ્યા છીએ.

અનેક રાષ્ટ્રોમાં વિદ્રોહ અને સરમુખત્યારશાહીનું શાસન આપણે પાછળના વર્ષોમાં જોયું છે. આમ, પાછળના ૭૫ વર્ષનો ઈતિહાસ સામાન્ય માણસ/નાગરિક માટે તો કલહ અને યાતનાવાળો જ રહ્યો છે.

શાસકોની સત્તા લાલસા ઓછી નથી થઈ. સત્તાધીશો આજે પણ સામાન્ય જનસમૂહને તેમના ગુલામ જ સમજે છે. નાગરિક કરતાં ''રૈયત'' તેમને વધુ પસંદ છે. લોકશાહી અને સ્વતંત્રતાના રૂડા રૂપાળા નામ હેઠળ સત્તાધીશો સેવક નહીં પણ શાસક જ રહ્યા છે.

આ માનવ સમુદાયની વિડંબણા છે. યુદ્ધમાં અંતે તો સામાન્ય જનસમૂહને જ ભોગવવાનું આવે છે. માટે જ યુદ્ધને અંતે મહાભારતથી શરૂ કરી રશિયા-યુક્રેન યુદ્ધ કે ઈઝરાઈલ-ઈરાન-પૅલેસ્ટાઇન યુદ્ધમાં અંતે રડવાનું તો બાળકો અને સ્ત્રીઓના ભાગે જ આવે છે.

આપણે ઈચ્છીએ કે ઈશ્વર સૌને સદ્‌બુદ્ધિ આપે. નાના નાના સ્વાર્થો અને હિતો માટે અસંખ્ય નિર્દોષ માણસોના લોહીને આપણે વેડફીએ નહીં.

**॥ સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે સન્તુ નિરામયાઃ**

**સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિદ્ દુઃખ ભાગ્ભવેત્ ॥**

---

## ગુરુપૂર્ણિમાની શુભેચ્છાઓ

લઘુતા અને ગુરુતા વચ્ચેનો ભેદ સમજાવે તે ગુરુ...
જગત ને ચલાવવાવાળી શક્તિ મારી અંદર બેઠી છે
આ આત્મવિશ્વાસ જગાડે તે એટલે ગુરુ...
જેની પાસેથી હિંમત મળે છે
જેની પાસેથી પ્રેરણા મળે છે
જેની પાસેથી સ્થિરતા મળે છે
જેની પાસેથી પરસન્માન મળે છે
જેની પાસેથી ભાવ મળે છે
અને જેની પાસેથી રોજ નવું શીખવાનો ઉત્સાહ મળે છે
એવા સર્વે મારા ગુરુઓ છે, અને એટલે જ
ભગવાન ગુરુદત્તાત્રેયના પણ અનેક ગુરુ હતા...
ગુરુ પૂજન એટલે સત્યનું પૂજન.
ગુરુ પૂજન એટલે જ્ઞાનનું પૂજન.
ગુરુ પૂજન એટલે અનુભવોનું પૂજન.

જીવ, જગત અને જગદીશની
સાચી ઓળખ આપનાર
આધ્ય ગુરુ એવા શંકરાચાર્યને
ગીતા જેવા અનન્ય જીવનગ્રંથને
માણસ સુધી પહોંચાડનાર વેદ વ્યાસજીને
સમગ્ર વિશ્વને વસુધૈવ કુટુમ્બકમ્ બનાવનાર,
જગતગુરુ ભગવાન શ્રીકૃષ્ણને મારા
આજના મંગલદિને કોટિ કોટિ વંદન...

**- જે. એન. પટેલ (જગત)**

# શિક્ષણનું સંચાલન કોની પાસે?

- ડૉ. રઘુભાઈ નાયક

સાંપ્રત સમયમાં શિક્ષણની વ્યવસ્થા અને સંચાલનમાં જટિલ પ્રશ્નો ઊભા થયા છે. શિક્ષણ સંચાલનની વ્યવસ્થામાં વેપારીકરણનો વ્યાપ વધતો જાય છે. સરકારનું નિયમન અને નિયંત્રણ વધતું જાય છે. પરિણામે શિક્ષણની સ્વાયત્તા ઘટતી જાય છે. પ્રયોગશીલતા પણ ઘટતી જાય છે. આ સંજોગોમાં મુ શ્રી રઘુભાઈનો આ લેખ તેમના જન્મદિને સૌ વાચકોને પ્રેરણા આપશે.

- તંત્રી

આજકાલ છાપાઓમાં વાંચવા મળે છે કે શિક્ષણની બાબતમાં વ્યવહારની વાત હોય કે વ્યવસ્થાની વાત હોય તો પણ સરકારના કોઈ એકાદ નિર્ણય સામે સારા પ્રમાણમાં વિરોધ દર્શાવવામાં આવે છે. વિરોધ કરનારાઓ કોઈ વખત શિક્ષણની નીતિ પરત્વે વિરોધ કરતા હોય છે, તો કોઈ વખત વ્યવસ્થાતંત્રની શિથિલતા પરત્વે અથવા તો વ્યવહારની ત્રુટિઓ પરત્વે વિરોધ કરતાં હોય છે. વિરોધ કરનારાઓ એમ માનીને વિરોધ કરે છે કે સરકારે જે વિચાર્યું તે ખોટું છે અને પોતે જે વિચારે છે તે સાચું છે. પ્રજાના કોઈ સમુદાયમાંથી શિક્ષણ પરત્વે કોઈ ચોક્કસ અભિપ્રાય પ્રગટ કરવામાં આવે તો ઘણીએ વખત સરકાર તરફથી તેનો વિરોધ દર્શાવવામાં આવે છે. કોઈ વખત એવો વિરોધ ખુદ વિચારની સામે હોય છે તો કોઈ વખત એ વિચારની અવ્યવહારૂતા સામે હોય છે. આમ તો પરસ્પરનો વિરોધ કરવાની અને વાંક કાઢવાની પરિસ્થિતિ પ્રવર્તતી દેખાય છે. અહીં વળી એક એવો પણ સૂર સંભળાતો માલૂમ પડે છે કે શિક્ષણનું તંત્ર સંચાલન કોની પાસે હોય તો વધારે સારુ?

કેળવણીનું કાર્ય એ એક જીવનની સતત વહેતી પ્રક્રિયા છે. એ પ્રક્રિયાને ચેતનમય આત્મા સાથે કામ પાડવાનું હોય છે. આથી કરીને કેળવણીની કોઈ પણ ક્રિયા-પ્રક્રિયા જડ બંધનમાં રાખી શકાય નહીં. કેળવણીના વિચારો હંમેશાં વહેતા રહે, એના વ્યવહારો હંમેશાં પરિવર્તન પામતા રહે, અલબત્ત મનુષ્ય જીવનને જેટલે અંશે જીવતરની ફિલસૂફી સાથે સંબંધ હોય છે અને એવી ફિલસૂફીને અમલી બનાવવા માટે જે ચોક્કસ સિદ્ધાંતોનો કાયમી સ્વીકાર કરવામાં આવ્યો હોય છે તે હકીકતની સાથે શિક્ષણના કાર્યનો બંધાયેલો સંબંધ કદી પણ તૂટી શકતો નથી. મનુષ્ય જીવન જેટલે અંશે ગતિ કરી શકે છે તેટલે અંશે એ સિદ્ધાંતો સાથે રહી શકવાની તાકાત કેળવી શકે છે. આ દૃષ્ટિએ વિચાર કરીએ તો શિક્ષણનું કાર્ય અને તેનું તંત્ર સંચાલન તેમની પાસે હોવું જોઈએ, જેમને સાચું જીવનદર્શન લાધ્યું હોય. પરંતુ ગમ્મતની વાત એ છે કે જીવન માત્ર સ્વાયત્ત

હોવું જોઈએ. આ દૃષ્ટિએ વિચારીએ તો શિક્ષણના કોઈ કાર્ય ઉપર કોઈનું કશું નિયંત્રણ સંભવી શકે નહીં. નિયંત્રણ ન હોય ત્યાં સ્વનિયંત્રણ આપોઆપ પેદા થાય છે અને સ્વનિયંત્રણને અન્યનું આવશ્યક માર્ગદર્શન હંમેશાં આવકારદાયી હોય છે.

ખરી વાત એમ છે કે શિક્ષણનું નિયંત્રણ કે સંચાલન કોઈ પણ સરકાર પોતાની પાસે એટલા માટે રાખવા ઈચ્છે છે કે ધનની સત્તા પોતા પાસે છે. રાજકીય સત્તા ઉપર આરૂઢ થયેલ માનવી રાજનીતિના પોતે સ્વીકારેલાં તત્ત્વોને હંમેશાં અજરઅમર માને છે. એવાં તત્ત્વોનું શિક્ષણ ભવિષ્યની પેઢીને મળવું જોઈએ અને મળી શકે તેટલા સારું શિક્ષણ તંત્રનું નિયંત્રણ કે સંચાલન પોતા પાસે હોવું જોઈએ એમ સત્તારૂઢ માણસો પ્રમાણિકપણે માનતા હોય છે. બીજી બાજુ આમ જનતા પાસે મોટેભાગે કોઈ રાજકીય નીતિનો પ્રશ્ન હંમેશાં મૂંઝવતો હોતો નથી. એમને તો પોતાનાં બાળકોનું ચારિત્ર્ય ઘડતર કરવું છે, એમને તો પોતાનાં બાળકોમાં એવી શક્તિ પેદા કરવી છે કે જેથી સ્વમાનપૂર્વક અને ગૌરવપૂર્વક પોતે પોતાનું ગુજરાન ચલાવી શકે. નિર્મળ અને નિર્દોષ જીવન જીવતાં જીવતાં અન્યની કંઈક સેવા થઈ શકે તથા એવી સેવા અર્થે સ્વેચ્છાપૂર્વક ત્યાગ થઈ શકે તો તે પણ તેને આવકાર્ય હોય છે. આ રીતે રાજ્ય કરનાર અને આમ જનતા શિક્ષણ સંબંધમાં પોતપોતાના મંતવ્યોમાં મક્કમ હોય છે. પરિણામે વિચારોનું ઘર્ષણ થાય છે અને વ્યવહારોમાં અંધાધૂંધી પ્રવર્તે છે.

આ પરિસ્થિતિમાંથી નીકળવાનો માર્ગ કેળવણીના ચિંતકોએ કાઢવો જ પડશે. કેળવણીનું કાર્ય જીવનલક્ષી હોય છે એટલે મનુષ્ય જીવનને એના યથાર્થ સ્વરૂપમાં પારખવાની દૃષ્ટિવાળા કેળવણીકારોના હાથમાં શિક્ષણની નીતિરીતિ ઘડવાનું તથા પ્રસંગોપાત તેમાં ફેરફાર કરવાનું તથા તેના વ્યવહારોની વિગતો નક્કી કરવાનું કામ સોંપી દેવું જોઈએ. રાજકારણના કારણે સત્તા ઉપર બેઠેલા માનવીઓએ પોતાની પાસે જે સત્તા અને નાણાં હોય તેનો વિના સંકોચે ઉપયોગ કરવા સારું એવા કેળવણીકારોને નોતરવા જોઈએ અને તેઓ જે કંઈ ઈચ્છે તે નિ:શંકપણે તેમનાં હાથમાં મૂકી દેવું જોઈએ. આમ બનવું બિલકુલ સહેલું નથી. પરંતુ આવી દૃષ્ટિ કેળવવાનું કામ મુશ્કેલ નથી એમ તો સૌ કોઈએ સ્વીકારવું જ જોઈશે. સત્તારૂઢ પક્ષે અને કેળવણીના વિચારક પક્ષે આ દૃષ્ટિનો સ્વીકાર થઈ જાય તો કોઈ પણ વિકટ પરિસ્થિતિમાં સમન્વય કરવાનું કામ મુશ્કેલ બનવાનું નથી. પછી તો સત્તા સોંપણી ઓછા પ્રમાણમાં કરવામાં આવી હોય કે નાણાં સોંપણી મર્યાદિત સ્વરૂપમાં રહી હોય તો પણ તેનો અનર્થકારી વિચાર કોઈના મનમાં નહીં ઊઠે. શિક્ષણના કાર્યને વેગવંતુ અને પ્રાણવાન બનાવવા સારુ સત્તાનો કે નાણાંનો ઉપયોગ સામાન્ય રીતે થઈ શકે તેના કરતાં વધારે પ્રમાણમાં થતો હોય તો તેનો પણ કશો જ અવળો અર્થ કરવામાં નહીં આવે.

# વિદ્યાક્ષેત્રે કબીરવડ

**- ઈશ્વર પરમાર**

પરસનબાના અમી ઝરતા ચહેરાથી ઘર આખું ઉજાસથી ભર્યું ભર્યું હતું. આ ઉજાસ સૂરજનો ન હતો; ચંદ્રનો હતો. ચંદ્રનું તેજ તે અસલમાં સૂરજનું તેજ. પરસનબાના પતિ પ્રાણશંકરભાઇએ આડત્રીસ વર્ષની અધવચ ઉંમરે વિદાય લીધી. ચાર બાળકોથી વીંટાયેલાં પરસનબાના ચહેરાનો ઉજાસ ઘરના સૂરજના આથમવાની સાથે જ ખરી પડ્યો!

હવે તો ઉપર આભ ને નીચે ધરતી! સ્વયં સસરાજીએ, પતિની માંદગી પછી બચેલી રહીસહી મિલકત સેરવી લીધી અને એક દિ' તો ભૂખથી વલવલતા ચાર માસૂમ ચહેરા જોઈને પરસનબા વલોવાઇ ગયાં. લાચાર પગલે સસરાને ત્યાં જઇને બચ્ચાંને ખાતર ખાવા ધાન માટે હાથ જોડ્યા ત્યારે માંડ એકાદ મણ કોદરા મળ્યા. પતિના મૃત્યુ પછી વરસ દિ'થી ખૂણો પાળતાં પરસનબા કોદરા ખાંડવા બેઠા. ખંડાતા રહેતા કોદારાથી એમનું જીવન ક્યાં નોખું હતું?

એમનું ઉમરેઠ ગામ પરભાતી નીંદર માણતું હોય ત્યારે જાગીને તેઓ દસ વરસના મોટા દીકરાને જગાડતાં. એ દૂબળા-ઠીંગણા દીકરાને હાથે દેગડું પકડાવે માથે ગાગર-બેડું, કેડે ઘડો ને હાથ દોરડું. બંને દોઢેક કિલોમીટર દૂર આવેલા મીઠા પણ ઊંડા કૂવાની વાટ લે. મોંસૂઝણું થાય તે પહેલાં તો મા-દીકરો પાણી ભરીને પાછાં ઘેર આવી જાય. બંને વચ્ચે રસ્તે થયા કરે અબોલ સંવાદ-આ સંવાદે વિકસાવેલી સમજદારી તે દિ' મોટિયારે કેમ ઝટકાવી નાખી?

ભાણામાં કોદરી મુકાયેલી જોઈને તે બરાડી ઊઠ્યો - ''કોદરો, કોદરો ને કોદરો! મોટી, બીજું કૈંક રાંધવાનું સૂઝતું જ નથી તને?''

એ બાળકનો કંઈ વાંક ન હતો. પિતાજીને જળોદરનો વ્યાધિ હોવાથી એમના માટે ને તેથી ઘરમાં સૌને માટે કોદરી ને મગનું પાણી થતું. એ વસમા દિવસોથી કોદરી ખાઇ ખાઇને કંટાળેલા મોં સામે વધુ વસમા દિવસે કોદરી આવી એટલે એ મોટા બાળકે એવી તો ધમાલ માંડી કે માતા પરસનબા રડી પડ્યા - ''બેટા, તું પણ મને પજવીશ? જાણતો નથી કે કેવા દા'ડા આવ્યા છે?''

- બસ, આટલું સાંભળાવેંત દસ વરસનો એ દીકરો એકાએક જાણે વીસ વરસનો સમજદાર સાથી થઇ ગયો!

વિધવા માતાનો એ નાનકડો પણ સમજુ સાથી તે આજના અનેક સિદ્ધ સર્જકો, શિક્ષકો અને અગ્રણીઓના શ્રદ્ધેય રાહબર શ્રી યશંવતભાઈ શુક્લ. ઉમરેઠ (જિ. ખેડા) મુકામે સને ૧૯૧૫ની આઠમી એપ્રિલે તેમનો જન્મ. ગીચોગીચ ગરીબીના અંધારામાં મથી મથીને

એમણે મારગ શોધ્યો. પોતાનું વિત્ત વિકસાવ્યું. શિક્ષણ, સાહિત્ય અને જાહેર ક્ષેત્રની અનેક સંસ્થાઓને જરૂરી છાયા કરતા રહેતા શ્રી યશવંતભાઈ શુક્લ એટલે વિદ્યાક્ષેત્રે કબીરવડ! બૃહદ્ ગુજરાતમાં જ નહીં પણ, કોઈ પણ સ્થળે થતી, ગુર્જર-સાંસ્કૃતિક પ્રવૃત્તિ એમની હાજરી કે સંદેશા વગર અધૂરી લાગે. આજે આઠ દાયકા પાર કરી ચૂકેલો એ કબીરવડ તેની કિશોર અવસ્થામાં એના ભાંડુઓને છાયા આપવા માટે કેવો તણાતો-તુંસાતો હતો!

ગામમાં કોઈના લગ્નપ્રસંગે રાતે દક્ષિણા કમાવા જાય. બટુક-યશવંત માંડ ખાસ્સું જાગીને ઊંઘી ગયો હોય ત્યારે બીજા બ્રાહ્મણો તેને જગાડતા ને દક્ષિણ માટે લંબાવેલા તેના હાથની હથેળીમાં ત્રણ પૈસા ઠલવાતા!

આવી આકાશી આવક તો ક્યારેક જ થતી. આથી અંગ્રેજી શાળાની અઢી રૂપિયાની ફી મેળવવા ઘરમાં કકળાટ થતો. અંગ્રેજી ત્રીજા ધોરણમાં ભણેશરી યશવંત ત્રણ વર્ગમાં પહેલો આવ્યો ત્યારે તેને પાંચ રૂપિયાની શિષ્યવૃત્તિ મળવા માંડી. માને તેથી થોડી નિરાંત અનુભવાઈ.

માતાને પૈસે-ટકે થોડી વધુ નિરાંત અપાવવા ઉત્સાહી યશવંત દીવાસળીના કારખાના માટે ખોખાં તૈયાર કરવાનું શીખી લાવ્યો. આ નવતર ને એંઠવાડિયા જણાતા કામને મા શરૂઆતમાં તો અપનાવી ન શકી. નાની બહેનની મદદથી યશવંતે ખોખાં બનાવવા માંડ્યાં. પછી તો દાળ વીણવા કે પતરાળાં સીવવાના કામ કરતાં આ કામમાં વધુ મજૂરી મળતી હોવાથી પરસનબા પણ આ કામમાં ભળ્યાં. સાંજ પડ્યે તે શુક્લ-કુટુંબ હવે એક હજાર ખોખાં તૈયાર કરીને બાર આના કમાવવા માંડ્યું!

પંદરમા વર્ષે પહોંચેલા યશવંતને હવે કથાપૂજાના કામ માટે કહેણ આવવા માંડ્યાં. આવા કામમાં તો દક્ષિણાય ખાસ્સી મળે. કામેય કેટલું! વિધિ કે વાચન પતાવીને હાથ લંબાવવો અને કહેવું - સ્વસ્તિ!

ખરા અર્થમાં બ્રાહ્મણ-તરૂણ યશવંતને થયું : દક્ષિણા માટે હાથ લંબાવીએ એ તો ભીખ માંગવા બરાબર! આવી યજમાનવૃત્તિથી તો વેગળા જ રહેવું ભલું! હવે એણે દક્ષિણા-યોગ ટાળવા માંડ્યો. આથી આવક ઓછી થઈ. માને આઘાત લાગ્યો, પણ શું થાય?

થયું એવું કે ભણેશરીનું ભણતર જ બંધ કરી દેવું પડે. બીજો કોઈ ઉગાર જ ન હતો. આ વાત કળી ગયેલા ભણતર-ભૂખ્યા યશવંતે લાંબો વિચાર કરીને ઘર છોડ્યું. અમદાવાદની વાટ પકડી. આ નિર્ણય લેવામાં એણે કંઈ અંધારામાં ભૂસકો માર્યો ન હતો. એક સંબંધીની સહાયથી અચરતલાલ ગિરધરલાલ છાત્રાલયમાં છાનેમાને નિઃશુલ્ક પ્રવેશ અંકે કરી લીધો હતો.

આમ, માતાને તત્કાળ આઘાત આપીને અમદાવાદ આવેલ તરુણ-યશવંતે કેટલુંક ભણીને તેને પત્ર લખ્યો : ''હું ભણી-ગણીને આગળ વધીશ તો ભાંડુઓને ભણાવી શકાશે

ને છેવટે સૌ સુખી થઈશું.'' રહેતાં રહેતાં માને વાત ગળે ઊતરી અને બન્ને વચ્ચે પૂર્વવત્ સમાધાન થઇ ગયું.

એચ.બી.કાપડિયા હાઇસ્કૂલના વિદ્યાર્થી યશવંતના સ્વાધ્યાય ઉત્તરો વાંચીને ઉમરેઠના માંકડ માસ્તરે કેળવેલી એમની સાહિત્ય અભિરુચિનો એક શિક્ષકને ખ્યાલ આવ્યો. એમણે તો વધુ વાચન માટે તેને પુસ્તકો પણ મેળવી આપ્યાં.

હાઇસ્કૂલના બીજા એક શિક્ષક એવી તો તન્મયતાથી શીખવતા કે તેમનું બોલાયેલું બધું યશવંતને યાદ રહી જતું. એ કાળમાં, શિક્ષકે શીખવેલ હેઝલીટના નિબંધનો ઉત્સાહભેર અનુવાદ પણ એણે નમૂનેદાર કરેલો અને તેય શિક્ષકના સૂચન કે માર્ગદર્શન વગર!

પંડિત મદનમોહન માલવિયાની ડાકોર સભાના મંચ પર ચઢીને સોળ વર્ષના યશવંતે અસહકાર આંદોલન સંદર્ભે ગીત રચીને લલકાર્યું હતું : 'પેલા સહકારની પૂંછડી પગમાં ભરાય છે, પગમાં ભરાય છે ને ડગુમગુ થાય છે!'' (૧૯૩૦)

સાહિત્યપ્રેમી યશવંતે, મૅટ્રિક્યુલેશનની પરીક્ષામાં મુંબઇ યુનિવર્સિટીમાં ગુજરાતી વિષયમાં સર્વપ્રથમ આવીને ગુજરાત વિદ્યાસભાનું કાન્ત પારિતોષિક મેળવ્યું. (૧૯૩૨)

મૅટ્રિક પછી અમદાવાદના એ. જી. ટ્રસ્ટના છાત્રાલયમાં રહેવા-જમવાની સુવિધા મળી. ભણવાનું ગુજરાત કૉલેજમાં. બી.એ.માં હતા ત્યારે 'ગુજરાત નવસો વર્ષ પહેલાં' શીર્ષકયુક્ત તેમનો પહેલો વિવેચન-લેખ પ્રસિદ્ધ થયો. ઇતિહાસ અને અર્થશાસ્ત્ર સાથે બી.એ. થયેલા (૧૯૩૬) યશવંતભાઇનો તત્કાલીન પ્રસિદ્ધ સામયિક 'રેખા'માં કવિતા અંગેનો લેખ વાંચીને સિદ્ધહસ્ત કવિ-વિવેચક શ્રી રામનારાયણ વિ. પાઠકે તેમની સામેથી પ્રશંસા કરી હતી. બંને વચ્ચે આત્મીય સંબંધ વિકસ્યો હતો.

સુખ્યાત અધ્યાપક-વિવેચક શ્રી અનંતરાય રાવળ કૉલેજ-મૅગેઝિનમાં છપાતા લેખો વાંચીને યશંવતભાઈને વગર દીઠે ઓળખતા હતા. પ્રત્યક્ષ મુલાકાત વખતે એમણે એકવીસ વર્ષના નવયુવાન યશવંતભાઈને ગુજરાતી સાથે એમ.એ. કરવા માટે માર્ગદર્શન આપતા કહ્યું : ''તમે સુરતમાં વિષ્ણુપ્રસાદ પાસે ભણો તો સારું.''

સાક્ષર વિષ્ણુપ્રસાદ ત્રિવેદી તો યશવંતભાઇના ગામ ઉમરેઠના જ વતની. એમના વિશે તરુણ વયે તો માત્ર એટલું જ સાંભળેલું કે આપણી જ્ઞાતિના એ બહુ ભણેલા પ્રોફેસર માંદા જેવા રહે છે! તે પછી તો ઉમરેઠમાં મિત્રમંડળના ઉપક્રમે આચાર્ય વિષ્ણુપ્રસાદનું વ્યાખ્યાન પણ યોજેલું. (૧૯૩૫) તે વખતથી સાક્ષરની ગૌરવી વાણી યશવંતભાઇના ચિત્તમાં ગુંજતી રહી હતી.

એમને સીધું મળવા જતાં તો યશવંતભાઇને ક્ષોભ થયો. પત્ર લખીને આગળ એમ.એ.નો અભ્યાસ કરવાની પોતાની ઈચ્છા જણાવી. પારિવારિક સંજોગો અને લીલાબહેન સાથે પોતાના થયેલ લગ્ન (૧૯૩૭) - આ સર્વ વિગતોના જવાબમાં શ્રી વિષ્ણુપ્રસાદે

યશવંતભાઈને પોતાને ઘેર વત્સલભાવે બોલાવ્યા અને સુરત ભણવા આવવા સલાહ આપી. જરૂરી આર્થિક સહાય માટે સધિયારો આપ્યો. મુરબ્બી વિષ્ણુપ્રસાદનો આત્મીય સંબંધ યશવંતભાઈના જીવનનું અમૂલખ અને વિશુદ્ધ ધન બની રહ્યો.

સુરતની એમ.ટી.બી. કૉલેજમાં મુખ્ય વિષય ગુજરાતી અને ગૌણ વિષય અંગ્રેજી સાથે એમ.એ.નો અભ્યાસ કરતા હતા (૧૯૩૬-૩૮) ત્યારે 'લોકવાણી' સાપ્તાહિકમાં યશવંતભાઈ લેખો લખતા. ખંડ-સમયના શિક્ષક તરીકે નોકરી કરતા. શ્રદ્ધેય વિદ્યાગુરુ શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી તો તેમના જીવન પર છવાઈ ગયા. શ્રી યશવંતભાઈ એમ.એ.માં ગુજરાતી-અંગ્રેજીના જૂથમાં સમગ્ર યુનિવર્સિટીમાં ત્રેસઠ ટકા ગુણ મેળવીને પ્રથમ ક્રમે રહ્યા હતા.

એમ.એ. થયા પછી અમદાવાદ મુકામે 'પ્રજાબંધુ' સાપ્તાહિકનું ઉપતંત્રીપદ સંભાળ્યું. 'ગુજરાત સમાચાર'માં પત્રકાર તરીકે જોડાયા. ગુજરાત કૉલેજમાં ખંડ-સમય અધ્યાપન કરવા માંડ્યું. (૧૯૩૯-૪૧) તેમની યશવંતી શૈલીમાં થતાં વ્યાખ્યાનો સાંભળવા બીજી કૉલેજના વિદ્યાર્થીઓ પણ આવતા અને તેમનાથી અભિભૂત થતા.

વતન ઉમરેઠની નિશાળમાં પણ છ માસ અધ્યાપન કર્યું. તે સમય દરમિયાન ૧૯૪૨ના રાષ્ટ્રીય આંદોલનના ટેકામાં એમણે ભોંયપત્રિકા શરૂ કરેલી. આંદોલન પછી ઊઘડતી શાળાએ તેમને ચડત પગાર ચૂકવીને છૂટા કરી દેવાયા!

ઈ.સ.૧૯૪૨-'૪૫ના ગાળામાં યશવંતભાઈ મુંબઈ રહ્યા. અહીં એલ્ફિસ્ટન કૉલેજમાં પાર્ટટાઈમ લેક્ચરર અને એક હાઈસ્કૂલમાં આસિસ્ટન્ટ ટીચર તરીકે તેઓ રહ્યા હતા. આ પછી ભારતીય વિદ્યાભવનમાં રીડર અને પછી પ્રોફેસર થયા. ઈત્તર પ્રવૃત્તિ લેખે ચિલ્ડ્રન ઍકેડેમીના પ્રાથમિક વિભાગના અધ્યક્ષ રહ્યા હતા.

ત્રીસ વર્ષની વયે (૧૯૪૫) અમદાવાદ પાછા આવીને 'પ્રજાબંધુ'માં બે'ક વર્ષ રહ્યા. આ પછી ભો.જે. વિદ્યાભવનમાં ગુજરાતીના અધ્યાપક થયા. બસ, ત્યારથી વિદ્યાભવનની માતૃસંસ્થા ગુજરાત વિદ્યાસભા સાથે એમને આજીવન નિસબત બંધાઈ.

તેઓ ગુજરાત વિદ્યાસભામાં જોડાયા ત્યારે તેમને જર્નાલિઝમના વર્ગો શરૂ કરવાની જવાબદારી સોંપાઈ. આ નવા જ દાખલ કરાયેલા વિષયનો અભ્યાસક્રમ ઘડવા માટે દુનિયાભરની યુનિવર્સિટીઝ અને બીજી સંસ્થાઓમાંથી નમૂના મંગાવ્યા. પોતે એ વિષયનો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો. આ વિષયનું પુસ્તકાલય પણ ખૂબ સમૃદ્ધ કર્યું. આ પત્રકારત્વના વર્ગો એમણે આઠ વર્ષ ચલાવ્યા. (૧૭૪૭-'૫૫)

ગુજરાત વિદ્યાસભા દ્વારા સને ૧૯૫૫માં રામાનંદ વિદ્યાલય (પછીથી હ.કા. આર્ટસ કૉલેજ) સ્થપાયું. તેના આચાર્ય તરીકે વિદ્યાસભાના તમામ સભ્યોએ સર્વાનુમતે યશવંતભાઈને નિમ્યા. આચાર્ય તરીકેનો કશો અહંભાવ રાખ્યા વિના, ઊછરતી પેઢીના

વિદ્યા-ઉત્કર્ષ માટે જરૂરી સાધન-સુવિધા મેળવવા અને ગોઠવવા માટે મથતા જ રહ્યા.

આચાર્યશ્રી યશવંતભાઈએ વિદ્યાર્થીઓ માટે જોગવેલ વિષય-વૈવિધ્ય એક વિક્રમ સમાન હતું. ભાષાઓ તો ખરી જ - તેમાં ફારસી અને જર્મનીના વર્ગો પણ ભેળવ્યા. ઉપરાંત સમાજશાસ્ત્ર, માનસશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, સંસ્કૃત, ઈતિહાસ, ભૂગોળ, રાજ્યશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન - કશી આર્થિક ગણતરી કર્યા વિના આ બધી જ વિદ્યાશાખાઓ ચલાવાતી. કોઈ કોઈ વિષયમાં તો બે-ત્રણ વિદ્યાર્થીઓ જ હોય તોપણ એમને માટે ત્રણ-ચાર અધ્યાપકો નિયુક્ત કર્યા હોય! આચાર્યશ્રીની અભિલાષા કૉલેજને યુનિવર્સિટી કક્ષાએ લાવવાની હતી અને તે તેમણે સિદ્ધ કરી બતાવી.

અમદાવાદ પધારેલ પ્રત્યેક સાહિત્યકારને તેઓ પોતાની કૉલેજમાં અચૂક નિમંત્રતા અને તેમનાં વ્યાખ્યાનો યોજતા રહેતા. તેઓ કહેતા કે શંકરાચાર્યના મઠમાં જેમ બારણે પિંજરામાં પોપટ-મેના પણ વેદના મંત્રો ટહુકતાં હોય તેમ આ કૉલેજમાં પણ વિદ્યાપ્રવૃત્તિનો ગુંજારવ થતો રહેવો જોઈએ. કૉલેજ સવારની હોવા છતાં ઢળતી બપોરથી સાંજે-રાતેય નાટ્ય અને નૃત્તવિદ્યાના વર્ગો, જ્ઞાનસત્રો અને નાટ્યસ્પર્ધાઓ જેવી સંસ્કાર-પ્રવૃત્તિઓથી કૉલેજ ગુંજતી રહેતી હતી.

આચાર્યશ્રી યશવંતભાઈએ કૉલેજમાં વિદ્યાર્થીઓ માટે મુંઝવણ-નિવારણ કેન્દ્ર શરૂ કરેલું. તેમાં તેમના ઉપરાંત અધ્યાપકો અને માનસશાસ્ત્રીઓ પણ સેવાઓ આપતા. આચાર્યશ્રી સામેથી વિદ્યાર્થીઓને ઓળખવા ભાગ્યે જ જઈ શકતા. અનાયાસ આવી મળે તેમને સહાયભૂત થતા.

પોતાની કૉલેજના અધ્યાપકોનું વિદ્યાજગત વિસ્તારવા તેમણે રીડિંગ ક્લબની યોજના કરી હતી જેમાં જુદી જુદી વિદ્યાશાખાઓના અધ્યાપકો સાથે મળી ચર્ચા-વિચારણા કરતા.

વિદ્યાર્થીઓને સમાજસેવાની દીક્ષા આપવા માટે નજીકનાં ગામડાઓને કૉલેજ એકથી પાંચ વર્ષ માટે દત્તક લેતી. તે ગામોમાં યોજાતી સપ્તાહ-શિબિરો દરમિયાન વિદ્યાર્થીઓ રસ્તા બાંધતા, જાહેર જાજરૂ બનાવતા અને આર્થિક સર્વેક્ષણ જેવી પ્રવૃત્તિઓ કરતા. આચાર્યશ્રી યશવંતભાઈએ કેટલાંક ગામોને વીજળી અપાવી હતી તો ક્યાંક હરિજનો-સવર્ણો વચ્ચેના વિખવાદો શમાવ્યા હતા.

શ્રી યશવંતભાઈનો આચાર્ય તરીકેનો વ્યવહાર એટલો અનાત્મલક્ષી રહેતો કે કૉલેજમાં ભણતી તેમની પુત્રીઓને કોઈ વિશેષ છૂટ કે અધિકાર ભોગવવા મળતા નહીં. સ્ટાફ માટેના દાદર પરથી દીકરી ચડતી હોય તો અડધેથી ઊતરવું પડતું!

કૉલેજના યશસ્વી સંચાલન-સમય દરમિયાન વચગાળે ૧૯૭૫-'૭૯ના ગાળામાં શ્રી યશવંતભાઈ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર રહ્યા હતા. વિશ્વવિદ્યાલયોને અભડાવતાં રાજકીય પરિબળોના પ્રદૂષણ વચ્ચેથી સરકીને તેઓ પોતાના સ્વધર્મ સમાન વિશુદ્ધ

વિદ્યાકાર્યને પુનઃ હાથ ધરવા ફરી હ.કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં મૂળસ્થાને આવી ગયા અને શહેરની સંસ્કાર-પ્રવૃત્તિઓમાં સમરસ થયા.

કોઈ પણ કક્ષાના આચાર્ય એ પ્રથમ તો શિક્ષક જ ને? શ્રી યશવંતભાઈએ સંચાલનની સમસ્યાઓ વચ્ચે શિક્ષણકાર્યની ઉપેક્ષા ન જ કરી. તેઓ વર્ગમાંનાં પોતાનાં મુદ્દાસરનાં, છટાદાર અને સંદર્ભસભર પ્રવચનોમાં નિયત કૃતિઓનો રસાસ્વાદ અને સમીક્ષા કરતા. વિદ્યાર્થીઓમાં સાહિત્યરસ અને સમાજલક્ષિતા જન્માવતી એમની વાક્ધારાથી પોષાયેલ અનેક સાહિત્યકારો, શિક્ષકો, કાર્યકરો અને જે તે ક્ષેત્રના અગ્રણીઓ તેમના ઋણનો તક મળે ત્યારે ત્યારે જાહેરમાં સ્વીકાર કરે છે.

ક્લાસ અને કૉલેજ કક્ષાએ જ નહીં, યુનિવર્સિટી કક્ષાએ પણ યશવંતભાઈ શુક્લની દક્ષ સેવાઓ નોંધપાત્ર છે. ગુજરાત યુનિવર્સિટીમાં સને ૧૯૫૦થી તેઓ અનેક અધિકાર-મંડળોમાં રહીને મહત્ત્વપૂર્ણ પ્રદાન કરતા રહ્યા, સાથોસાથ ઉચ્ચ શિક્ષણમાં મૂલ્યોની માવજત માટે મથતા રહ્યા.

યુનિવર્સિટી ઉપરાંત, શિક્ષણક્ષેત્રની રાજયકક્ષાની અન્ય સંસ્થાઓને તેમની શૈક્ષણિક સૂઝનો લાભ મળતો રહ્યો છે. આ સંસ્થાઓમાં સમાજ શિક્ષણ સમિતિ, પાઠ્યપુસ્તક મંડળ, ગ્રંથનિર્માણ બોર્ડ, શિક્ષણ સલાહકાર સમિતિ, હાયર સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ, ચિ.ન. વિદ્યાવિહાર વગેરે સમાવિષ્ટ છે.

ગુજરાતની દરેક સરકારે શિક્ષણ તેમજ જાહેર બાબતે તેમના અભિપ્રાયને ધ્યાનપાત્ર માન્યો છે. આર્થિક, રાજકીય કે વહીવટી મર્યાદાસર કે કોઈ અકળ કારણસર, તેને અમલમાં ન મૂકી શકે તે વાત જુદી!

‘સંદેશ’ દૈનિકના ‘સમયના વહેણ’ નામના પોતાના વિભાગ (કટાર)માં જાહેર પ્રશ્નો ચર્ચીને તેઓ લોકરૂચિ કેળવતા અને સંસ્કારતા રહે છે.

એમણે ૧૯૫૨માં ચીનની સંસ્કારયાત્રા કરી હતી. ૧૯૬૫ને ૧૯૯૦માં અમેરિકા-યુરોપની સ્વતંત્ર મુલાકાત લીધી હતી. ૧૯૯૧માં ઈંગ્લેન્ડમાં બર્મિંગહામ મુકામે યોજાયેલ સાહિત્ય પરિષદમાં અતિથિ વિશેષ તરીકે ગયા હતા. જાહેર જીવનમાં ઓતપ્રોત રહીને તેઓ સ્વયં જાણે વ્યક્તિ-સંસ્થા બની ગયા છે!

શિક્ષણ પછી પત્રકારત્વ અને સાહિત્યક્ષેત્ર યશવંતભાઈને અતિપ્રિય છે. સાહિત્યવિવેચન, નિબંધ, અનુવાદ અને સંપાદનના ક્ષેત્રે એમણે આપેલાં દસેક પુસ્તકો અભ્યાસી માટે ‘મસ્ટ-બુક’ લેખાય. એમણે શ્રી સુંદરમ્ સાથે સને ૧૯૪૧નાં પ્રકાશનોની છવ્વીસ વર્ષની વયે સમીક્ષા કરી હતી. ગુજરાતી સાહિત્ય પરિષદના મંત્રી, ઉપપ્રમુખ અને પ્રમુખપદે રહીને એમણે વર્ષોથી સક્ષમ સેવાઓ આપ્યા કરી છે. ગુજરાત સાહિત્ય અકાદમીના પણ તેઓ એક રાહબર છે. આજે એકસોતેંતાળીસ વર્ષની વયના સામયિક ‘બુદ્ધિપ્રકાશ’ના તેઓ વરસોથી તંત્રીપદે છે. નેશનલ સાહિત્ય અકાદમીની સમિતિમાં તેઓ રહી ચૂક્યા છે.

(૧૯૭૩-'૮૩) એમને નર્મદ સુવર્ણચંદ્રક (૧૯૮૫) તેમજ રણજિતરામ સુવર્ણચંદ્રક (૧૯૯૨) તેમના સાહિત્યક પ્રદાનને અનુલક્ષીને એનાયત થયો હતો.

સંગીત, ચિત્ર, નૃત્ય અને નાટકના ક્ષેત્રે પણ રૂચિ ધરાવતા યશવંતભાઇ એક ઉત્તમ કલમધર હોવા છતાં પોતાનાં લખાણો ગ્રંથસ્થ કરવાની બાબતે પ્રમાણમાં અનાસક્ત રહ્યા કર્યા છે. આથી એમનાં પુસ્તકોની સંખ્યા ઓછી પરંતુ અન્યનાં પુસ્તકોની પ્રસ્તાવનાઓની સંખ્યા અનેકગણી અને પ્રવચનો તો પાર વગરનાં! એમણે પોતાનાં અંગત પુસ્તકાલયમાંનાં પાંચેક હજાર પુસ્તકોમાંથી ત્રણ હજાર જેટલા હ.કા. આર્ટસ કૉલેજ લાઇબ્રેરીને ભેટ આપ્યાં.

યશવંતભાઇનું વિશાળ વાચન, અવલોકન અને સૂક્ષ્મ ચિંતનને લીધે વિકસેલ વિચારસમૃદ્ધિનો પાર પામવો શક્ય નથી. હા, વિદ્યાક્ષેત્રે કબીરવડ સમા તેઓ જ્યારે વકતવ્ય દ્વારા વ્યક્ત થતા હોય ત્યારે તેમની તાર્કિક અને છતાં રસાળ શૈલી જિજ્ઞાસુ અને ભાવુક શ્રોતાઓને જકડી રાખે છે. ગુજરાતીમાં કે અંગ્રેજીમાં તેઓ બોલે ત્યારે તે ભાષાઓનો શબ્દવૈભવ અનાયસ છલકી ઊઠતો હોય છે.

અનાત્મ અને અનાસક્તભાવે મુલાકાતીને સત્કારતા અને સહાયભૂત થતા યશવંતભાઇની સંવેદના સામાને સ્પર્શી રહે છે. કોઈની ઉપેક્ષા કે અપમાન વિસરી જઈ શકે તેવી કહ્યાગરી તેમની યાદદાસ્ત છે. સ્વીકારેલા જીવનમૂલ્યો અને માનવીય વ્યવહારના ભોગે એમણે કશું મેળવવાનું ઇચ્છ્યું નથી. એમને સતત વ્યસન જો રહ્યું હોય તો તે વિદ્યા-ઉપાસનાનું! એમની તેજસ્વી વિદ્વત્તાને પડછાયો છે વારી જઈએ તેવી વિનમ્રતાનો. શિક્ષણ સંબંધે પુછાતા પ્રશ્નના તેમના ઉત્તરોમાં અનુભૂતિ સંયોજાયેલી હોવાથી ઉત્તમ માર્ગદર્શન મળતું હોય છે.

સાહિત્યકાર યશવંતભાઇ ત્રિવેદીએ શિક્ષક યશવંતભાઇ શુક્લ સમક્ષ કાવ્યશિક્ષણ અંગે જિજ્ઞાસા વ્યક્ત કરેલી (૧૯૭૮) ત્યારે એમણે કહેલું : ''શિક્ષકનો પોતાનો કાવ્ય અનુભવવાનો અને અનુભવાવાનો ઉત્સાહ એ જ વર્ગના સંદર્ભમાં વિદ્યાર્થી-ભાવક સુધી કાવ્યને પહોંચાડવાનું માધ્યમ છે. જે પોતે વીંધાયો નથી તે બીજાને શી રીતે વીંધવાનો હતો?... વર્ગમાં કવિતાશિક્ષણ માટેનો મારો આદર્શ વર્ગની ચાર દીવાલો ખસી જાય અને સહસંવેદનની ભૂમિકાએ શિક્ષક અને વિદ્યાર્થીનો ભેદ વિચલિત થઈને સમરસિયાઓનો એ સૌંદર્યોત્સવ બની રહે એ છે.''

સામાની સારપ ઝીલીને તેને ઉત્સાહિત કરવા તે તેમને સહજ છે. રતનપુર (જિ. પાલનપુર) મુકામે યોજાયેલ ગુજરાતી સાહિત્ય પરિષદના જ્ઞાનસત્ર (૧૯૮૫)ના વખતની અછડતી ઓળખ યાદ રાખીને મારી - આ લખનારની શિક્ષણ-સાહિત્યક્ષેત્રની ક્વચિત વ્યક્ત જિજ્ઞાસાઓ એમણે વત્સલભાવે સંતોષ્યા કરી છે. સુહૃદ તુલસીભાઇ પટેલ સાથે મને નિજ નિવાસે આવકાર્યો હતો. (૧૯૯૩)

(અનુસંધાન પૃષ્ઠ ૩૬ ઉપર)

# હરભાઈનું સામાજિક કાર્ય

**- વિનાયક પંડ્યા**

હરભાઈને એક પ્રખર અને સફળ શિક્ષણકાર તરીકે જાણવાનો આપણે પ્રયત્ન કરીએ છીએ. આ પ્રયત્ન આપણને શિક્ષણક્ષેત્રમાં ઘણી પ્રેરણા અને સમજ આપે છે અને તેમાંથી આજના શિક્ષણકારો અને મા-બાપોને ઘણું ઉપયોગી મળી રહે છે. પણ આજનું શિક્ષણ એટલે પોતાનું બાળક પરીક્ષા પાસ કરે, કમાણી કરતું થાય તેટલી જ મા-બાપોની ઈચ્છાને સંતોષવી અને તેમ કરવામાં ગમે તેવા પગલાં ભરવાં, લાંચ-રૂશ્વત, ગોખણપટ્ટી કે બીજા આવાં સાધનો વાપરતાં પણ ખચકાવવું નહિ, તેમ શિક્ષકો અને મા-બાપો બંન્ને માનતા હોય છે. શિક્ષણનો ઉદ્દેશ જીવનની સર્વોતોમુખી તાલીમ આપવાનો છે. જીવનનું બળ આપવાનો છે. સમગ્ર સમાજને ઊંચે લઈ જવાનો છે. નોકરી, પૈસા સિવાય પણ બીજાં મૂલ્યો છે. તેનો ખ્યાલ વિદ્યાર્થીને આપવાનો છે, એ ભૂલાઈ ગયું છે.

આજની શિક્ષણ પરિસ્થિતિથી વિચારશીલ લોકો બહુ બેચેની અનુભવે છે, તે જાણીતું છે.

હરભાઈએ જ્યારે શિક્ષણક્ષેત્રે પ્રવેશ કર્યો ત્યારે પરિસ્થિતિ ઘણી જુદી હતી. તે વખતે પણ સરકારી નિશાળો હતી. પરીક્ષા પાસ કરવાનો ધ્યેય તો હતો જ પણ સરકારી નિશાળોના શિક્ષકો પણ વિદ્યાર્થીઓને બીજું ઘણું આપતાં. સમાજનું સમગ્ર વાતાવરણ પણ જુદા પ્રકારનું હતું.

હરભાઈએ ભાવનગરની દક્ષિણામૂર્તિ સંસ્થામાં જોડાવાનું નક્કી કર્યું. તે સંસ્થાનું ધ્યેય-મુદ્રાલેખ 'આદર્શ નાગરિક' તૈયાર કરવાનું હતું. શરૂમાં તો માત્ર છાત્રાલય જ હતું. શ્રી દક્ષિણામૂર્તિની પ્રેરણા આપનાર શ્રી નથુરામ શર્માનો ઉપદેશ પણ નિત્યકર્મની સ્વચ્છતા, સ્વચ્છ વિચાર અને વર્તનથી સમાજને ઊંચે લાવવાનો હતો. આવા સ્પષ્ટ ધ્યેયથી શરૂ કરેલી સંસ્થામાં જોડાનાર હરભાઈને પણ સમાજની સેવા કરવાનું ધ્યેય મહત્ત્વનું હતું. આમાં 'સેવા' શબ્દ મહત્ત્વનો છે કારણ કે મહિને માત્ર એકસો રૂપિયાનો પગાર લઈને આજીવન કાર્ય કરવાનો નિર્ણય લેનારને સેવક જ કહેવો જોઈએ. આમ હરભાઈ પહેલા સમાજસેવક હતા અને પછી શિક્ષણકાર હતા. અથવા એમ પણ કહેવાય કે સમાજસેવાના કાર્ય માટે જ શિક્ષણ એ માધ્યમ હતું. અત્યારના શિક્ષણમાં 'આદર્શ નાગરિક' તૈયાર થતા નથી. એ સૌ સ્વીકારે છે. કારણ શિક્ષણનું એ ધ્યેય નથી.

સેવકનું બીજું લક્ષણ એ છે કે તેનો સમય, શક્તિ, આવડત બધું તેના કાર્ય માટે જ વપરાય. હરભાઈનું કાર્ય ૨૪ કલાક ચાલતું. એમનું સમગ્ર જીવન એમના કાર્યમાં જ ગયું. એમનું જ્ઞાન અને અભ્યાસ પણ એને માટે જ

વધ્યા અને વપરાયા. ઘંટ વાગે ત્યારે શાળામાં જઈને ઘંટ વાગે એની રાહ જોતાં દિવસ પસાર કરીને ઘેર જનારા શિક્ષકો પગારને માટે કામ કરે છે. તેઓ સમાજના સેવકો નથી. હરભાઈ સમાજના સેવક હતા.

જેને માટે એમને પગાર મળતો તે શાળાના કામ ઉપરાંત હરભાઈ સમાજનું ઘણું કામ કરતાં. શહેરની પ્રવૃત્તિઓમાં તેઓ ભાગ લેતા અને તેમના વિદ્યાર્થીઓને પણ તેમાં ભાગ લેતા કરતાં. જાહેર સભાઓ, મંડળોની સભામાં હરભાઈને આમંત્રણો મળતા અને હરભાઈ તેમાં રસ લેતાં.

બહારના કાર્યકરો તેમને મળવા આવ્યા જ કરતાં. આમ જે જુવાનો, મા-બાપો કે કાર્યકરો હરભાઈની શિક્ષણ સંસ્થામાં નહોતા, તેઓ પણ હરભાઈને પોતાના સ્વજન માની આવતા અને તેમનું માર્ગદર્શન અને હૂંફ મેળવતા. આમ હરભાઈ એક વ્યક્તિ નહિ પણ જાહેર જીવનની એક સંસ્થા જ હતા. હરભાઈનું આ કાર્ય કાંઈ ભણાવવાનું નહોતું, સામાજિક કાર્ય હતું. હરભાઈના અભ્યાસમાં બે ખાસ વિષયો, જુવાનોના પ્રશ્નો અને માનસશાસ્ત્રનો જેમાં ઉપયોગ કરવો પડે છે તે કોયડાઓ-બનાવો. આને માટે સંસ્થા બહારની અને ભાવનગર બહારની કેટલીય વ્યક્તિઓ તેમને મળવા આવતી કે તેમને લખતી. આ કાર્ય કાંઈ આચાર્ય તરીકેનું નહોતું, એને માટે કોઈ પૈસા મળતા નહોતા. એ સામાજિક કાર્ય જ હતું. અને બહુ મોટું અને મહત્ત્વનું હતું.

ભાવનગરની બીજી શૈક્ષણિક સંસ્થાઓ, કૉલેજો સુદ્ધાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ હરભાઈના સ્વજન જેવા થઈ ગયા હતા. તેઓને હરભાઈની પોતાની સંસ્થાના વિદ્યાર્થી જેટલા જ પ્રેમ અને માર્ગદર્શન મળતા. એમને માટે હરભાઈનું ઘર હંમેશા ખુલ્લું રહેતું.

પ્રેમ અને લગ્નના પ્રશ્નોની વિચારણા માટે ઘણાં યુવક-યુવતીઓ આવતાં.

યુવક-યુવતીઓના અંગત કે સામાજિક વર્તનમાં શરીર અને મનના કોયડાઓ કારણભૂત હોય છે. પ્રેમ, લગ્ન અને સેક્સની બાબતોમાં હરભાઈની સમજ ઊંડી, વૈજ્ઞાનિક અને જૂનવાણી માન્યતાઓને દૂર મૂકી દીધેલી નવી હતી. જેના લીધે હરભાઈનું આ કાર્ય સમાજને ઘણું જ ઉપયોગી થાય તેવું હતું. આથી કેટલાય સંબંધો સફળ અને સુખી થયા હશે. શાળામાં પણ ઉંમરના વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને સરસ સમજણ મળતાં. આ રીતે હરભાઈના સહશિક્ષણના પ્રયોગો દરમિયાન કોઈ મુશ્કેલીઓ આવી નહોતી. જે વડીલો સહશિક્ષણ વિશે શંકાશીલ હતા તેમને પણ સમાધાન મળતું હતું. આમ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ, મા-બાપો, શિક્ષકો અને આજુબાજુનો સમાજ બધાનો મેળ મળીને વાતાવરણ સરસ રહેતું. કોઈપણ શિક્ષણકારને માટે આ એક જબરી સિદ્ધિ કહી શકાય, પણ હરભાઈએ એ સિદ્ધ કર્યું કારણ કે, શિક્ષણનું કાર્ય એ સામાજિક કાર્ય છે, તેમ તેઓ માનતા. અને તેમણે સમગ્ર શિક્ષણ જીવન પાઠ્યપુસ્તકો સિવાયનું કરી બતાવ્યું.

હરભાઈ તેમના માનસશાસ્ત્રના જ્ઞાનનો

ઉપયોગ કરીને સામાજિક કોયડાઓ થઈ પડેલા મા-બાપ અને વિદ્યાર્થીઓના કોયડાઓ સફળતાપૂર્વક ઉકેલી આપતા અને આના કારણે એક વખત તો મૂંઝાતા મા-બાપો મૂંઝવતા છોકરાઓને દક્ષિણમૂર્તિમાં સુધરી જશે તેમ માનીને મોકલવા લાગેલા. આવું કામ ભણાવી દેવાના કામ કરતા મહત્ત્વનું સામાજિક કાર્ય જ કહેવાય. હરભાઈને આ કાર્ય બહુ ગમતું અને એવું કાર્ય કરવા માટે એમણે પૂરતું જ્ઞાન અને અનુભવ મેળવી લીધા હતા. આમાં એમનો પ્રેમાળ સ્વભાવ પણ બધાંને જીતી લેતો.

સમાજની આંશકાઓ છતાં હરભાઈએ શાળામાં સહશિક્ષણ દાખલ કર્યું અને સફળ રીતે ચલાવ્યું. સમાજ તો સ્ત્રીઓ અને પુરુષોનો બનેલો છે. છોકરીઓ અને છોકરાઓએ સરખું જ જ્ઞાન મેળવવાનું હોય છે. વળી, છોકરા-છોકરીઓની એકબીજા તરફની કૃતિ-નિર્દોષ, સ્વાભાવિક (કુદરતી) અને એકબીજાને ઉપયોગી થવાની સમાજની જવાબદારીઓ સાથે મળીને સમજપૂર્વક અદા કરવાની હોવી જોઈએ. આ રીતે જોઈએ તો સહશિક્ષણનું મહત્ત્વ એક સામાજિક કાર્ય તરીકે વધુ છે. હરભાઈની દૃષ્ટિ આવી હતી. સામાજિક સ્વાસ્થ્ય માટે તેની જરૂર જબરી હતી. ઈતિહાસ, ભૂગોળ, ગણિત, વિજ્ઞાન છોકરીઓ પણ શીખે તેમાં ખાસ વિશેષતા નથી. (એનો લાભ પણ છોકરીઓને સમાજ આપતો નહોતો.) તે સમયે સમાજ પુરુષ પ્રધાન હતો. હજુ આજે પણ છે. દા.ત. વરસાદ આવે ત્યારે છોકરાઓ નહાવા દોડી જતા, પણ છોકરીઓ જઈ શકતી નથી. ગરમીના દિવસોમાં છોકરાઓ શરીર ખુલ્લું રાખી શકતા. છોકરીઓને બધા કપડા પહેરી રાખવા પડતા. આમ જ્યાં જ્યાં સમાજે છોકરીઓને સહન કરવું પડે તેવું વલણ અપનાવ્યું હોય, ત્યાં છોકરાઓનું ધ્યાન ખેંચવાનું હરભાઈ કરતા. આનું પરિણામ સ્પષ્ટ રીતે છોકરાઓનું વલણ બદલવામાં આવતું.

સંસ્થાની છોકરીઓ ગામમાં થતી જાહેરસભામાં બોલી શકતી. એક અત્યંત મહત્વની રાજકીય પરિષદમાં એક વિદ્યાર્થિનીએ સરસ ભાષણ કરીને બધાની પ્રશંસા મેળવી ત્યારે હરભાઈને ખૂબ આનંદ થયેલો. હરભાઈનું લક્ષ્ય તો સ્ત્રીઓની સ્વતંત્રતા, સમાનતા તરફ રહેતું. આ બધું શુદ્ધ સામાજિક કાર્ય જ હતું અને હરભાઈ પોતાની સામાજિક ફરજ સમજીને એ કરતાં.

એ જમાનામાં ગામડામાં જવું, હરિજનવાસમાં જવું, પ્રૌઢશિક્ષણનું કાર્ય કરવું, એ બધામાં વિદ્યાર્થીઓ ભાગ લે તે માટે હરભાઈ વિદ્યાર્થીઓને ઉત્તેજન આપતા. ૧૯૩૦ની લડત પહેલાં ઠેર ઠેર યુવક મંડળો સ્થપાતા. હરભાઈ તો યુવકોના ચાહક અને યુવકોનું કામ કરનારા પોતાના વિદ્યાર્થીઓ અને સાથી શિક્ષકો તેમાં ભાગ લે તેમ તેઓ ઈચ્છતા. આવા યુવક મંડળો, રાજકીય કરતાં સામાજિક કાર્યો વધુ કરતાં અને એ રીતે પણ હરભાઈનું વલણ સામાજિક કાર્યનું જ રહેતું. રોગચાળો હોય, આગ લાગી હોય કે એવા સામાજિક પ્રસંગોએ પણ હરભાઈના

વિદ્યાર્થીઓ દોડી જતા. આમ હરભાઈની શિક્ષણદૃષ્ટિ કેટલી વ્યાપક હતી, તેનો ખ્યાલ આવશે. ૧૯૩૦ની લડત વખતે દેશી રાજ્યોને લડતથી અલગ રાખવામાં આવ્યા હતાં. દક્ષિણામૂર્તિમાંથી તો ઘણા વિદ્યાર્થીઓ અને શિક્ષકો લડતમાં જોડાયા હતા. જો સંસ્થામાં રાજકીય કામ થાય તો સરકાર સંસ્થાને બંધ કરી દે. આથી એવું કાર્ય ન કરવું એમ નક્કી કરાયું હતું. પણ હરભાઈ તો યુવાનોને સમજનારા હતા. કેટલાંક વિદ્યાર્થીઓએ ગેરકાયદેસરની પત્રિકા કાઢવાની યોજના કરી. સંસ્થાની હદની બહારના એક મકાનમાં એ પત્રિકા કાઢવા માટે હરભાઈએ સંમતિ અને ઉત્તેજન આપ્યું. તેટલું જ નહિ પણ સંસ્થાનું ડુપ્લિકેટર પણ આપ્યું અને પત્રિકાઓ સંસ્થામાં અને બહાર વહેંચવા માટે પણ મંજૂરી આપી. ગામની હાઈસ્કૂલમાં એક વિદ્યાર્થીએ ગાંધીટોપીની બંધી હોવા છતાં ગાંધીટોપી પહેરી સત્યાગ્રહ કરવાનું નક્કી કર્યું. તેમાં હરભાઈએ જ તેને પીઠબળ આપ્યું અને તે લડત સફળ થઈ.

આવા બનાવો હરભાઈની દૃષ્ટિ નિશાળની દિવાલો પૂરતું જ શિક્ષણ ન રાખતા શિક્ષણ એ સામાજિક કાર્ય જ હોય તે સ્પષ્ટ કરતું.

આપણે આગળ જોઈ ગયા કે શ્રી દક્ષિણામૂર્તિનું ધ્યેય 'આદર્શ નાગરિકો' તૈયાર કરવાનું હતું. હરભાઈએ આ ધ્યેયને સફળ રીતે પૂરું કર્યું હતું, કારણ કે હરભાઈ પુસ્તકનું મહત્વ, નૈતિક બળ, સારા-નરસાની પરખ વિદ્યાર્થીઓને એમના હંમેશાના વ્યવહારમાં જ શીખવી દેતા. આ વિદ્યાર્થીઓને 'નીતિમાન' બનાવી દેવાના ઉપદેશો, દમન અને નબળાઈઓ માટે વ્યક્તિને શરમિંદા કરનાર વડીલોના વલણ સામે ટકીને નવી વૈજ્ઞાનિક દૃષ્ટિ, સ્વતંત્રતા, વિદ્યાર્થી તરફનું સન્માન, અને પ્રેમના પોતાના વર્તનથી તેમણે અદ્‌ભૂત સફળતા મેળવી હતી. હરભાઈનો વિદ્યાર્થી જીવનની પરીક્ષામાં સફળતાપૂર્વક પાર ઉતરતો. હરભાઈના વિદ્યાર્થીને ''હરભાઈએ તમને શું આપ્યું ?'' એમ પૂછીએ તો જવાબ મળે છે, ''નૈતિકબળ અને સમાજ જીવનને સમજવાની વૈજ્ઞાનિક દૃષ્ટિ.'' સફળતા તેનું સ્વભાવિક પરિણામ છે. આને સામાજિક કાર્ય નહિ કહીએ તો શું કહેશું!

હરભાઈ સમાજ સુધારક હતા, પણ તેનો દેખાવ ક્યારેય કરતાં નહિ. એ એમને માટે સ્વાભાવિક હતું. શિક્ષણને એવી રીતે જ વિચાર્યું હતું. ઘર, નિશાળા, ગામ એ બધામાં શિક્ષણનો વ્યાપ થાય ત્યારે સમાજ સમૃદ્ધ અને સુખી થાય. અને શિક્ષણનો આ ધ્યેય સમજી, સ્વીકારી હરભાઈએ કાર્ય કર્યું. હરભાઈ સાચા શિક્ષક અને સાચા સામાજિક કાર્યકર હતા.

❀ ❀ ❀

તમે પરમાત્માના સંતાનો છો : એમના દૈવી આશિષ તમારા પર ઉતર્યા છે. ઉઠો ઓ નરસિંહો, અને તમે એ ભ્રમ ખંખેરી નાંખો કે તમે માત્ર ઘેટાં છો. તમારો આત્મા અમર છે. તમે કોઈ પદાર્થ નથી, દેહ નથી. પદાર્થ તમારો દાસ છે, તમે પદાર્થના દાસ નથી.

- સ્વામી વિવેકાનંદ

❀ ❀ ❀

# આઝાદી પર્વ નિમિત્તે થોડીક વિચારણા

**- અશોક સોમપુરા**

૧૫મી ઓગસ્ટ એ આપણો સ્વાતંત્ર્યદિન છે. સમાજ અને દેશનો ઉપયોગી ઉદ્ધાર કરવા દેશવાસીઓ ખૂબ સારા સપનાં જોયા. આ દિવસને લોકો ધૂમધામથી ઉજવતા થયા. રાષ્ટ્રધ્વજને સલામી, રાષ્ટ્રગીતો, શાળા અને વિવિધ સંસ્થાઓ અને કચેરીઓમાં વિવિધ કાર્યક્રમો થતા ગયા તેમાં વિવિધતા પણ આવતી ગઈ. પરંતુ અનુભવે એમ જણાયું કે આવા અનેક પ્રકારના રંગીન કાર્યક્રમોને જ લોકોએ દેશભક્તિ સમજી. આપણને મળેલા સ્વરાજના મધ્યવર્તી વિચારને આપણે ભૂલતા ગયા. દેશની પ્રગતિમાં આપણે સૌએ વ્યક્તિગત તેમજ સામૂહિક સહકાર આપવાનો છે એ વાત વિસરાતી ચાલી. સ્વરાજ મળ્યા પછી લોકો સ્વ-કેન્દ્રી અને બીજી ઘણી બાબતોમાં પરાધીન બનતા ગયા. બધુ જ કામ સરકાર જ કરશે એ મનોવૃત્તિએ પણ જોર પકડ્યું. લોકોની ઈચ્છાશક્તિ ધીમે ધીમે મંદ પડી અને પછી બંધ પણ પડી.

દેશ આઝાદ થયા પછી વિકાસ વધ્યો. લોકોની સુખાકારી વધી. ધંધા-વ્યવસાય વધ્યા વાહન-વ્યવહાર અને ટેક્નોલૉજીક્ષેત્રે વિકાસની આપણે હરણફાળ ભરી. પરંતુ આની બીજી તરફ નજર કરીએ તો ધર્મના ઝઘડા, જાતિભેદ, ઊંચનીચના ભેદ એ બધું હજી આજે પણ સર્વ સ્થળે કાયમ છે. તેની સાથે સાથે આપણી શક્તિનો અમુક બાબતે અવળામાર્ગે વિકાસ થયો. આ માર્ગમાં ભ્રષ્ટાચાર અગ્રક્રમે રહ્યો. કારખાનાના માલિકો, વિવિધ વિભાગના વડાઓ દ્વારા નોકરોનું શોષણ થતું રહ્યું. સરકારી કચેરીઓ અને બીજી અનેક જગ્યાએ અનીતિનો ભ્રષ્ટાચાર વધતો ગયો. જેમાં આમજનતા વધારે નુકસાન વેઠી રહી છે.

આપણો દેશ એ લોકશાહી દેશ છે. પરંતુ દેશ ચલાવવાની પદ્ધતિ જોઈએ તેવી કારગત નીવડી નથી. લોકશાહી પદ્ધતિમાં દેશના નાગરિકો બરાબર ઘડાયા નથી. આપણા બંધારણની કેટલીક બાબતો, કાયદા અને તેની ઉદારતાએ ઘણી અવળી બાબતોએ સ્થાન લીધું છે. આજે બિનજરૂરી મોજશોખ, ખોટા રિવાજો કાળા બજાર, લાંચ-રુશ્વત-ભ્રષ્ટાચાર ખૂબ વધી ગયા છે. રાજનેતાઓ ક્યારેક પોતાના સ્વાર્થમાં મસ્ત છે. લોકોની સેવા કરવામાં ઉદાસીન બને છે. કેટલાક અણગમતા અનિષ્ટો સામે ઉહાપોહ થાય છે પછી સમી જાય છે.

આપણા નાગરિકો અને પ્રજામાં કાયદાનું પાલન કરવામાં રસ નથી. પ્રજાકીય ચારિત્ર્ય ખરેખર પાંગળું છે. લોકશાહી જોઈએ તેવી ઉપકારક નીવડી નથી. આથી પ્રજા જાગૃત થાય આવી બાબતો માટે વિનયપૂર્વક વિરોધ કરી અને લાગતા વળગતા સૌને ઢંઢોળે, જાગૃત કરે એ જ હવે તો ઈચ્છવા જોગ.

# આઝાદીના ગર્ભમાં રહેલા નવરસ

**આઝાદીના ગર્ભમાં રહેલો હું ભયાનક રસ છું.**

**- પાલખીવાલા અમિતા મનુભાઈ**

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના સંઘર્ષની વિવિધ ઘટનાઓ, બલિદાનો અને આઝાદીના ગર્ભમાં છૂપાયેલા વિવિધ ઘટકો-નવરસમાં નિરૂપણ કરતી આ શ્રેણી વાચકોને જરૂર ગમશે.

**- તંત્રી**

**ભાગ-૧**

ભારતનું વિભાજન... માનવ વિપદાઓની દસ સૌથી મોટી ત્રાસદીમાં સામેલ આ વિપદાનું નામ છે, ભારત વિભાજન...' 'The Partition of India'

ધુંધલી હુઈ દિશાએ, છાને લગા કુહાસા,
કુચલી હુઈ શિખાસે આને લગા ધુઁઆ-સા.
કોઈ મુઝે બતા દે, ક્યા આજ હો રહા હૈ;
મુઁહ કો છિપા તિમિર મેં ક્યોં તેજ રો રહા હૈ?
દાતા પુકાર મેરી, સંદીપ્તિ કો જિલા દે,
બુઝતી હુઈ શિખા કો સંજીવની પિલા દે.
પ્યારા સ્વદેશ કે હિત અંગાર માઁગતા હૂં.
ચઢતી જવાનિયોં કા શ્રૃંગાર માંગતા હૂં.
બેચેન હૈ હવાએ, સબ ઓર બેકલી હૈ,
કોઈ નહીં બતાતા, કિશ્તી કિધર ચલી હૈ?
મઁઝધાર હૈ, ભઁવર હૈ યા પાસ હૈ કિનારા?
આકાશ પર અનલ સે લિખ દે અદષ્ટ મેરા,
ભગવાન, ઈસ તરી કો ભરમા ન દે અઁધેરા.
તમ-બોધિની કિરણ કા સંધાન માઁગતા હૂં.
ધ્રુવકી કઠિન ઘડી મેં પહચાન માઁગતા હૂં.

- રામધારીસિંહ દિનકર

આંધીની કરુણાંતિકા અને વિનાશ દર્શાવતી આ કવિતા તમને દુર્ભાગ્યવશ મારું જ સ્મરણ કરાવશે એ નિશ્ચિત છે. આઝાદીના ગર્ભમાં રહેલો હું ભયાનક રસ. હું બિભસ્ત રસમાંથી ઉત્પન્ન થઉં છું. વિકરાળ, જીવલેણ, ઘોર, વ્યાકુળતા, ચિંતા, ત્રાસ, ત્રાહિમામ, રૂદન, ધ્રુજારી, જુગુપ્સા, અસહાયતા, સંઘર્ષ, વિખવાદ, ઉદ્વેગ, વેર, હિંસા - જ્યાં જ્યાં મેં ડગ ભર્યા છે ત્યાં ત્યાં મેં ઊંડો અને હડહડતો ધિક્કારનો વારસો આપીને કરુણાંતિકા સર્જી છે. આથી જ હું શૃંગાર રસ, વીર રસ, શાન્ત રસથી તદ્દન વિરુદ્ધ છું. જો કે વીરગાથાઓના ગ્રંથોમાં યુદ્ધ, રણ, વિજય વગેરે સમયે મારા રસનું સુંદર વર્ણન પણ કરવામાં આવ્યું હોય છે. 'રામચરિત માનસ'માં લંકાદહનકાંડના (પ્રભાવશાળી) ચિત્રો કે હનુમાન દ્વારા લંકાદહનના પ્રસંગો મારા રસની જાણકારી માટે વાંચવા લાયક છે. મહાભારતના યુદ્ધમાં દ્રોણાચાર્ય દ્વારા રચિત ચક્રવ્યૂહમાં અભિમન્યુએ છ દ્વારમાં પ્રવેશી તેને તોડી નાખ્યા પણ (પદ્મવ્યૂહ-પશ્ચિમ દ્વાર) સાતમા દ્વાર પર, કૌરવ પક્ષના તમામ મહાન યોદ્ધાઓએ તેમના ધર્મની

વિરુદ્ધ મળીને કરેલા અભિમન્યુના વધમાં તમને થરથર કાંપતો ધર્મ દેખાશે.

આઝાદીના ગર્ભમાં રહેલો હું ભયાનક રસ છું. ઐતિહાસિક જન્મભૂમિના ફાડિયાં કરવા જેવી અપવિત્ર ઘટનામાં હું છું. સળગતા બજારોમાંથી ઊઠતા અને ઊંચે આસમાનમાં ફેલાતા તણખા, સાઈરનોના તીખા અવાજો અને કાન ફાડી નાખે તેવી લડતી કોમોની લડાકુ ચિચિયારીઓમાં હું છું. ભેંકાર રાત્રિમાં ડાકલા સમાન વાગતા 'સત શ્રી અકાલ'ની શીખોની બૂમો અને 'અલ્લાહ હો અકબર'ના નામના મુસ્લિમ અવાજોમાં હું છું. તાપ, આંધી અને આગથી ત્રસ્ત, ભય અને ધિક્કારની સર્જાયેલી વ્યાધિમાં હું છું. હિંદુ-મુસ્લિમના વિસંવાદના ઉત્કલનબિંદુમાં હું છું. (વાતાવરણના દબાણે જે તાપમાને પ્રવાહી ઉકળવા લાગે તે તાપમાનને ઉત્કલનબિંદુ કહે છે.) ભયાનક ભૂતાવળ સમી હેવાનિયતની ભભૂકતી અગનઝાળમાં હું છું. બલિદાનીઓના રક્તથી ભીંજાયેલી મારી ખીણોમાં હું છું. ભારતવર્ષની વિભાજનની યાદવાસ્થળીમાં હું છું. ચક્રવ્યૂહના દ્વાર પર બનેલ લાશોના સ્મશાનમાં હું છું. ઈસુનો વધ અને સોક્રેટીસના બલિદાનોમાં હું છું. વિભાજિત દેશમાં હોમાઇ ગયેલી ગાંધીની આર્ષદષ્ટિ, અહિંસા, અખંડિતતા અને એખાલસમાં હું છું. સમગ્ર ઇંગ્લેન્ડના તેજસ્વી વકીલ સર સિરિલ રેડક્લિફે વિભાજનની દોરેલી સરહદોની લકીરમાં હું છું.

૩૦ જૂન ૧૯૪૭. સર વિસ્કાઉન્ટ રેડક્લિફની અધ્યક્ષતામાં બંગાળ બાઉન્ડ્રી કમિશન અને પંજાબ બાઉન્ડ્રી કમિશનની રચના કરવામાં આવી. જે અનુસંધાને રેડક્લિફ ૮ જુલાઇ ૧૯૪૭ના રોજ ભારત આવ્યા. જેમણે ભારતીય ઉપખંડ પર ક્યારેય પગ નહોતો મૂક્યો. હિંદ વિષે ક્યારેય કશુંય લખ્યું નહોતું કે હિંદ વિષેનું જેમનું જ્ઞાન નહિવત કહી શકાય. પંજાબ અને બંગાળની ભૂગોળથી પણ જેઓ ભાગ્યે જ પરિચિત હતા અને બીજી બાજુ હિંદના બે પરસ્પર વિરોધી નેતાઓ કોઈ સમજૂતી પર ન આવતા હોય ત્યારે પંજાબ અને બંગાળની ધરતી પર ન્યાયી અને ભેદભાવ વગરની સરહદોની લીટીઓ તાણવા માટેની જવાબદારી તેમણે નિભાવવાની હતી.

પંજાબના મેદાનો, હિમાલયની ચોટીઓ, પ્રજાના મકાનો અને ઝૂંપડપટ્ટીઓ, ચોખાના ક્યારડાઓ, શણના ખેતરો, ફળની વાડીઓ અને ગોચરના મેદાનો, રેલવે અને ફેક્ટરીઓ, આઠ કરોડ એંસી લાખ લોકોની વસ્તી ધરાવતા વિસ્તાર વચ્ચે લીટી તાણવા માટે રેડક્લિફની પસંદગી થઈ હતી.

તેમની એક લીટીથી નાનકડા તળાવને કાંઠે બેસીને કપડાં ધોતી સ્ત્રીઓ, કૂચડા લઈને ભેંસોને નવરાવતા છોકરાઓ, ગારાની દિવાલથી બાંધેલા વાડામાં ગાય, ભેંસ, બકરાં, કૂતરાં અને ખુલ્લા પગે ફરતાં અને ખાબોચિયામાં ખૂંદતા ભૂલકાંઓ, ઘાણીમાં ગોળ ચકરાવે તોતિંગ ખૂંધવાળો ફરતો આખલો, ગોબર એકઠું કરીને છાણાં થાપતી સ્ત્રીઓ, કૂવાથી ટકરાઈને છલકાતા પાણીની છપાક, મેદાનમાં રમતા છોકરાઓના ગિલ્લી-

દંડા, લખોટીઓ, તાશના પત્તાની રમતો - આ બધું જ બદલાઈ જવાનું હતું.

૮ જુલાઈ ૧૯૪૭ના રોજ દિલ્હી ખાતે આવ્યા પછી સીમાંકનનું કામ તેમણે ૧૫મી ઑગસ્ટ પહેલા પૂરું કરવાનું હતું. જેને માત્ર એક જ અઠવાડિયાની વાર હતી. જે ધરતીના ભાગલા કરવાના હતા તેના પર એક નજર નાખવાનો સમય પણ તેમને મળ્યો નહોતો. જે માનવ સમુદાયોનો ભાગાકાર કરવાનો હતો તે અંગેનું કોઈપણ વ્યવહારુ જ્ઞાન નહીં ધરાવતા રેડક્લિફે નહેરુ, જિન્હા અને ચારેબાજુએથી ઝડપ કરવા માટેના દબાણથી શાહી ઈજનેરી નકશા પર સીમારેખાઓ દોરવાની શરૂઆત કરી. માત્ર નકશાઓ, વસ્તી ગણતરીના ચોપડા, ડેટા અને અંકશાસ્ત્રીય કોઠામાંથી જ તેમણે માર્ગદર્શન મેળવવાનું હતું. ઝડપના દબાણથી રેડક્લિફ રોજ ૩૦ માઈલ જેટલા વિસ્તારની સરહદ આંકતા ગયા, પછી ભલે તે દોષરહિત કેમ ના હોય! કારણ કે તેમની પાસે પાછું જોવાનો સમય નહોતો.

અને... એ દિવસ આવ્યો કે જ્યારે પાર્લામેન્ટના સભ્યોએ વીસ કલમો અને સોળ ટાઈપ કરેલાં પાનામાં ખૂબ જ સાદાઈ અને ટૂંકાણ ધરાવતો ખરડો રચ્યો. ઈંગ્લેન્ડના તત્કાલિન વડાપ્રધાન ક્લેમેન્ટ એટલી એ ખરડાની રજૂઆત કરી અને વિન્સ્ટન ચર્ચિલે ગમગીનીપૂર્વક તેને સંમતિ આપી અને માત્ર એક જ શબ્દ 'Le Roi Le Veult' મતલબ કે 'રાજાએ સહર્ષ એ ખરડો મંજૂર રાખ્યો છે' અને આઝાદી પછી ૧૭ ઑગસ્ટ બાદ વિભાજન કમિશનના અધ્યક્ષ સર રેડક્લિફે 'Border' એટલે કે 'વિભાજન' રેખાની જાહેરાત કરી.

આપણે રાષ્ટ્રગાન તો ગાઈએ છીએ. પંજાબ, સિંધ, ગુજરાત, મરાઠા... પણ ક્યારેય રાષ્ટ્રગાન ગાતી વખતે આપણે એ વેદનાને નહીં ભૂલી શકીએ કે જમીન વિસ્તારની દૃષ્ટિએ ત્રીજો અને પંજાબ પછી વસ્તીની દૃષ્ટિએ બીજો સૌથી મોટો પ્રાંત સિંધ એ આજે પાકિસ્તાનનો એક પ્રાંત છે. જ્યારે પંજાબ, ગુજરાત, મરાઠા એ ભારતનો ભાગ છે. આંશિક રીતે સિંધનું વિભાજન થયું ન હતું અને તેને બદલે સંપૂર્ણ રીતે તેને પાકિસ્તાનનો ભાગ બનાવવામાં આવ્યો હતો, અને સિંધ આપણાથી વિખૂટો પડી ગયો. વિભાજન દરમિયાન સિંચાઈ અને શસ્ત્રાગારનું મુખ્ય મથક એવું અમૃતસર, ફિરોઝપુર અને ગુરદાસપુર પર પાકિસ્તાનનો દાવો મજબૂત હતો. પરંતુ ગુરદાસપુર વગર ભારતને કાશ્મીર સાથે કોઈ ભૂમિગત રસ્તો મળતો ન હોત. આ વાતને ધ્યાનમાં લઈને લોર્ડ બેટનના એક લંચે બાજી પલટી નાંખી અને ભારતને જમ્મુ-કાશ્મીર સાથે કનેક્ટીવીટી બનાવી શકાય તે માટે મુસ્લિમ બહુમતીવાળો વિસ્તાર હોવા છતાં પણ રાવીની નૈસર્ગિક સીમારેખા ધ્યાનમાં લઈને તે ભારતને ફાળે રહ્યો. ઈસ્ટ ઇન્ડિયા કંપનીના મુખ્ય વેપારી મથક એવા કલકત્તાને રેડક્લિફની એક લકીરે ભારતને ફાળવ્યું પણ પાકિસ્તાન પાસે કોઈ મોટું શહેર નહીં હોવાના એક વિચારે શીખ પ્રભુત્વ ધરાવતું લાહોર પાકિસ્તાનની ઝોળીમાં મૂકી દીધું.

વિભાજનની વિભિષિકામાં મા ગંગા આપણી પાસે રહી. હિંદુ સાધુઓ ઈચ્છતા હતા કે આપણી સભ્યતાની ઓળખ સમી સિંધુ નદી આપણી થવી જોઈએ. કારણ કે પવિત્ર વેદો તેના કાંઠા પર પચ્ચીસ સદીઓ પહેલાં રચાયા હતાં અને જેના નામ પરથી આપણાં પૂર્વજ હિંદુ કહેવાયા તે સિંધુ પાકિસ્તાનમાં ચાલી ગઈ અને તે સાથે જ સિંધુ સંસ્કૃતિની સૌથી મોટી વસાહતોમાંની એક મોંહેજો દરો અને બીજી હડપ્પા પાકિસ્તાનમાં ગઈ. જયારે કચ્છના જિલ્લામાં પુરાતત્વીય ધોલાવીરા, કાલીબેનગન, લોથલ ભારતમાં રહ્યાં. બિહારમાં આવેલા વિક્રમશીલા અને નાલંદા યુનિવર્સિટી ભારતમાં રહ્યાં. જયારે ગાંધારમાં બ્રાહ્મણીય શિક્ષણની ગુરુપદ્ધતિનું શિક્ષણ આપતું આપણાં મહાન આચાર્ય ચાણક્ય અને પ્રભાવશાળી શિક્ષક પાણિનીનું તક્ષશિલા વિભાજિત થઈને પાકિસ્તાનમાં ગયું કે જેમાં ચરક સંહિતાના જનક ચરક, મૌર્ય સામ્રાજ્યના સંસ્થાપક ચંદ્રગુપ્ત મૌર્ય વગેરેએ અભ્યાસ કર્યો હતો. ભગવાન શિવ અને માતા પાર્વતી સાથે જોડાયેલું જમ્મુ-કાશ્મીર સ્થિત બાબા અમરનાથ ભારતમાં રહ્યાં તો વિવાદિત કાશ્મીર પ્રદેશમાં પવિત્ર શારદા પીઠ (મઠ) ચાલ્યું ગયું. રાષ્ટ્ર કવિ રામધારી સિંધ 'દિનકર', હિંદી સાહિત્ય જગતનાં પ્રસિદ્ધ રચનાકાર નાગાર્જુન ભારતમાં રહ્યા. જયારે લેખક, નાટ્ય લેખક સાદત્ત હસન મન્ટો તથા ઉર્દુ લેખક ફૈઝ અહમદ પાકિસ્તાનમાં ચાલ્યા ગયા. સાંસ્કૃતિક, રાજકીય અને શૈક્ષણિક પ્રભાવ ધરાવતું અમૃતસર ભારતના ખોળામાં હતું. બંગાળના દુનિયાનું ૮૫% શણ પેદા કરતા વિસ્તારો પાકિસ્તાનમાં ગયા પણ શણને વણનારી એક મિલ પણ એ દેશમાં નહોતી. જયારે ભારતમાં શણની ૧૦૦થી વધુ મિલો હતી પણ શણ નહીં. વિભાજનની ખેંચાયેલી રેખા એ કોઈ જમીનના ટુકડા પર નહોતી પણ એક જીવતા જાગતા રાષ્ટ્ર પુરુષની છાતી ચીરીને ખેંચવામાં આવી હતી.

રેડક્લિફે પંજાબ અને બંગાળમાં લઘુમતીની ધાર્મિક માન્યતાઓને આધારે રેખાઓ દોરી હતી. સૈદ્ધાંતિક રીતે શક્ય લાગતા એ ભાગલા વ્યવહારૂ દૃષ્ટિએ વિનાશકારી હતા. શેરડીના પાકથી ઝૂમતા પંજાબના ખેતરોની રૂખ પેન્સિલની એક અણીથી પલટાઈ ગઈ હતી. પંજાબની નહેરોના માળખાનો છેદ થયો. કેટલીક જગ્યાએ નહેરોનાં મુખ એક દેશમાં અને તેની નાની-મોટી નીક બીજા દેશમાં ગયા હતા. નહેરોના સિમેન્ટના પાળિયા, લોખંડના દરવાજા, નાની ઉપનહેરો અલગ થઈ ગઈ. ક્યાંક સીમારેખા ગામની વચ્ચોવચ્ચ થઈને નીકળતી હતી. જેમાં એક તરફના ઝૂંપડા પાકિસ્તાનમાં અને બીજી તરફનાં ભારતમાં જતા હતા. ક્યારેક તો મકાનનો આગલો દરવાજો ભારતમાં અને પાછલું બારણું પાકિસ્તાનમાં ઉઘડતું. પંજાબની બધી જેલો અને પાગલખાના પાકિસ્તાનના હિસ્સામાં ગયા. ચોખાના કે શણના ખેતરો, ગામડાંઓ, ખેડૂતોના ખેતરો, ખેતરોથી અલગ થઈ જતા કૂવાઓ, ખેતરે જવાના રસ્તાઓ, ફેક્ટરીઓથી અલગ થતાં ગોડાઉનો, વીજળી સંકુલો, વીજળીના

થાંભલાઓ વગેરે પણ વિભાજિત થયા.

સ્ટેટ બેન્કોમાંની રોકડ સિલક, બૅંક ઑફ ઈન્ડિયાના ભોંયરામાં મૂકાયેલી સોનાની પાટો, નાગાલૅન્ડમાં આવેલા ડિસ્ટ્રીક્ટ કમિશ્નરની પેટીમાંના થોડા રૂપિયા, પરદેશી હૂંડિયામણ, આખાય હિંદમાં ઠેરઠેર સરકારી ઑફિસોમાં રહેલી ખુરશીઓ, ટેબલો, ઝાડુ અને ટાઈપ રાઈટરોની ગણતરીઓ શરૂ થઈ ગઈ. કલાર્કો માટેના નાના-મોટા ટેબલો, ઑફિસરો માટેની ખુરશીઓ, સાદી ખુરશીઓ, ટોપી ભરાવવા માટેની ખીંટીઓ, ચાટલા માટેની ખીંટીઓ, ઘોડા, લોખંડની તિજોરીઓ, ટેબલ લેમ્પ, ટાઈપ રાઈટરો, પંખા, ઘડિયાળો, સાઈકલો, ઈન્ક સ્ટેન્ડ, સ્ટાફ કાર, સોફા, કમોડ, ટાંકીઓની નાની ગાદીઓ, સરકારી નિવાસ-સ્થાનોમાંના રાચ-રચીલાં, લાકડીઓ, પાઘડીઓ, ચાંદીના વાસણો, તૈલ ચિત્રો વગેરેનું વિભાજન - તેના માટે તકરારો, સોદાબાજીઓ, ઝનૂન - ખાલી દારૂના જથ્થા માટે કોઈ ઝઘડો ના થયો તે ભારતના ફાળે આવ્યું. એટલું જ નહીં પણ પોલીસ બેન્ડવાજાનાં વાજિંત્રોમાંથી પણ પાકિસ્તાનને એક 'ફલૂટ' આપી તો ભારતને એક 'ડ્રમ', એક 'બ્યુગલ' પાકિસ્તાનને તો કાંસી જોડા ભારતને. છેવટે મોટા ભૂંગળ જેવું એક 'ટ્રોમ્બોન' (બ્રાસનું સંગીત વાદ્ય) જેને માટે બંને ડેપ્યુટીઓ વચ્ચે બથંબથા થઈ.

સૈનિકોની પત્નીઓ, મુસ્લિમ વિધવાઓ જે ભારતમાં રહે છે, તેને શું પાકિસ્તાન પેન્શન આપશે? હિંદુ વિધવાઓ જે પાકિસ્તાનમાં રહે છે તેને શું ભારત પેન્શન આપશે? આ તો યક્ષ પ્રશ્ન ઊભો થયો. હિંદમાં આવેલા હજારો માઈલ રસ્તાઓમાંથી અનેક રેલવે લાઇનો જે પાકિસ્તાનના હિસ્સામાં ગયા, તો આ રસ્તાઓની મરમ્મત કરતાં બુલડૉઝરો, ગાડીઓ, પાવડા-તગારા અને રેલવેના એન્જિનો, ડબ્બાઓ, માલગાડીઓના ભાગલા કઈ રીતે કરવા?

પુસ્તકાલયોની ચોપડીઓ માટે પણ કડવાશ ઊભી થઈ, જે ઝઘડાઓમાં પરિણમી. એન્સાઈક્લોપીડિયા બ્રિટાનિકાનાં થોથાંઓ તદ્દન સંનિષ્ઠતાથી ભાગે પડતા વહેંચાયા. ક્યાંક તો શબ્દકોશોને ફાડીને તેના ભાગ પડાયા. પુસ્તકની એક જ નકલ હોય ત્યારે જે દેશને વધુ ઉપયોગી હોય તે નિર્ણય ગ્રંથપાલ લેતાં. તેના માટે ક્યારેક હાથોહાથની લડાઈ પર પણ આવી જતાં. જ્યારે દેશના જાસૂસીખાતાની જવાબદારી મહત્ત્વની હોવાથી તેની એક ફાઈલ કે ઑફિસના ખડિયા સુદ્ધાં અધિકારીઓએ પાકિસ્તાનને આપવાની ના પાડી દીધી. આખાય ઉપખંડમાં પોસ્ટેજ કે સ્ટેમ્પ અને નાણું છાપી શકે તેવો માત્ર એક પ્રેસ હતો. તેમાં ભાગ પડે તે માટે ભારતીયો તૈયાર ન હતા. આથી પાકિસ્તાને કામચલાઉ નાણાં તરીકે નોટો ઉપર 'પાકિસ્તાન'ના સિક્કા મારીને નોટો સ્વીકારવી પડી. વાઈસરૉયની સફેદ અને સોનેરી ટ્રેન ભારતને પક્ષે આવી. હિંદના સર્વોચ્ચ સેનાપતિની અને પંજાબના ગવર્નરની અંગત મોટરો પાકિસ્તાનને ભાગમાં આવી.

ત્રણ ત્રણ સદીના વિકાસના કકડા કરીને

વહેંચાયા. નાણું, સ્ટેમ્પ્સ, પુસ્તકો, દેવું, અસ્ક્યામતો, રેલવે, જેલો, કેદીઓ, ઝાડુ, ખડિયા, સંશોધન કેન્દ્રો, હૉસ્પિટલો, યુનિવર્સિટીઓ, સંસ્થાઓ અને જાતભાતની અગણિત ચીજવસ્તુઓના ભાગલા પડ્યા, પણ હજુ તો ક્યાં આનો અંત હતો?

સોનાચાંદીની કંડારેલી, ચકચકતા ઝૂંસરા-સાજ (ઘોડા, હાથી, રથ વગેરે પરનાં શણગારોનો સામાન), લાલ હિંગળોક (પારા અને ગંધકની એક મિશ્ર ધાતુનો ખૂલતા લાલ રંગનો ભૂકો) ગાદીઓથી સજેલી વાઈસરૉયની બગીગાડીઓ, જેમાં છ સોનાના શણગારવાળી અને બીજી છ સહેજ ઉતરતી ચાંદીના શણગાર-સાજવાળી ગાડીઓ હતી. છ છ નો સેટ તોડવાને બદલે સોનાની ગાડીઓનો એક સેટ એક દેશને મળે અને ચાંદીના શણગારવાળો સેટ બીજા દેશને ફાળે જાય. માઉન્ટ બેટનના ADC (Aide-de-Camp- જેઓ આર્મી, નેવી કે એરફોર્સમાં સેવા આપતા હોય અને રાજવી પરિવાર સાથે જોડાયેલા હોય) લેફ્ટનન્ટ કમાન્ડર પીટર હોવેસે સિક્કો ઉછાળીને વહેંચણી તદ્દન સાદા-સરળ ઉપાયથી કરવાનો પ્રસ્તાવ મૂક્યો. સિક્કો ઉછળ્યો... કાંટો કે વાઘ? 'વાઘ' અને સોને મઢેલી છ ગાડીઓ ભારતને ફાળે આવી.

ઝૂંસરી (બે સાથે ચાલતા પ્રાણીઓની ગરદન ઉપર નાંખવાનું સાધન, જેથી તેઓ સાથે કામ કરે) ચાબૂકો, કોચમેનના બૂટ, વીગો, પોશાક વગેરે ચીજોના ભાગ પડ્યા. ગ્રીષ્મના એ બળબળતા અને ધમાલિયા અઠવાડિયામાં ના કેવળ સ્થૂળ ચીજોના ભાગ પાડવાના હતા, પણ હિન્દના હજારો કર્મચારીઓ, પ્રેસિડેન્ટો, કચરો વાળનારાઓ, પ્રધાનોથી માંડી પટાવાળા, ચપરાસીઓ દરેકને તેમની પસંદગી મુજબ વહેંચવાનું હતું. માઉન્ટ બેટનની વિનંતી છતાં પણ હિંદના લશ્કરી દળોના પણ બટવારા થયા. ભારતને ભાગે ૨/૩ અને પાકિસ્તાનને ભાગે ૧/૩ લશ્કરી વહેંચણી નક્કી થઈ. અરે! બરાકોમાં, કેન્ટોનમેન્ટમાં, મિલિટરી રહેઠાણોમાં, હિંદુ, મુસલમાન, શીખ સૈનિકોના બનેલા મહાન હિંદી સૈન્યના પણ હિંદની ધરતીની જેમ ભાગલા પડ્યા.

માત્ર સ્થૂળ વસ્તુઓના વિભાજનની વિભિષિકાનું આ તો માત્ર અલ્પવિરામ છે. પણ પુસ્તકના પૃષ્ઠોમાં લખાયેલા અક્ષરો વચ્ચે વહેતી સત્ય ઘટનાઓના અતીતમાં એક નજર નાંખતા મને અગમ્ય મૂંઝારો થઈ ઊઠ્યો. ક્યારેક પેન ઝાટકા સાથે સ્થગિત થઈ જતી, પાના તરફ જોઈ શૂન્યમનસ્ક થઈ જવાતું, તો ક્યારેક આંખ ભીની પણ થઈ આવી. આક્રોશ અને પરિતાપ દિમાગને ઘેરી વળતા, ગળે ડૂમો ભરાઈ આવતો, હૈયાફાટ રૂદન કરવાનું મન થઈ આવતું. વિભાજનની ખરી વિભિષિકા લખતાં તો નિઃસહાયતા, ગમગીની, સ્તબ્ધતા અને શૂન્યમનસ્કતા છવાઈ ગઈ હતી. આ વિભિષિકાનો ઈતિહાસ તો એક આંસુઓનો અધ્યાય છે, જેને જોતાં સાંભળતા તૂટેલા પાંખવાળા પંખીની જેમ મહાત્મા બેઠા હતા.

સર રેડક્લિફની દેશને વિભાજિત કરતી

(અનુસંધાન પૃષ્ઠ ૩૬ ઉપર)

# મારા બાલમંદિરની સફળતા

- જસુબેન પટેલ
(આચાર્ય સરસ્વતી બાલવિહાર)

અમીબાથી આદમ, આદમથી આદમી અને માનવી બનવાની સંપૂર્ણ ઘટનામાં માણસ સદાય શીખતો, નવું નવું જાણતો રહ્યો. માણસ બનવાના તેના આ વિકાસમાં તેને સતત સમજણ, દિશાસૂચન, માર્ગદર્શન અને ઉપયોગી સલાહની સદાય આવશ્યક્તા રહેલી છે. સભ્ય અને સંસ્કૃત બનવાની તેની વિકાસયાત્રામાં શિક્ષણનો સિંહફાળો રહ્યો છે.

ગુજરાતના પ્રથમ હરોળના કેળવણીકાર, આર્ષદૃષ્ટાશ્રી હરભાઈ ત્રિવેદી, પદ્મશ્રી ડૉ. રઘુભાઈ નાયક, મુ.શ્રી જશીબેન નાયક અને શ્રી વિઠ્ઠલભાઈ ઓઝા દ્વારા સંવર્ધન અને માવજત પામેલી સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત બાલમંદિર વિભાગમાં મને ૧૯૬૬માં સેવા કરવાની તક મળી. મારી બાળકો સાથેની શિક્ષણ સક્રિયતા આજદિન સુધી ૭૮ વર્ષે પણ અવિરત ચાલુ છે. તેનો મને સંતોષ, આનંદ અને ગૌરવ છે. આથી બાલમંદિર સાથેની મારી લાંબી શૈક્ષણિક સક્રિયતાના આરોહ-અવરોહ અને મને બાલમંદિરના કામમાં મળેલી સફળતા તેમજ બાલમંદિરના બાળકોને કેવા પ્રકારનું શિક્ષણ આપવું જોઈએ તેની તેમજ આ કાર્યમાં અવરોધરૂપ થતા નાના-મોટા અંતરાયો-અવરોધોની ટૂંકમાં ચર્ચા કરવાનો અહીં મેં નમ્ર પ્રયાસ કર્યો છે. મારી બાલમંદિરના કામ સાથેની વાત આ મુજબની છે.

શું બાળક કોરી પાટી જેવું છે? ના...ના... આ માન્યતા ભૂલ ભરેલી છે. બાળક પોતાની સાથે અનેક સંસ્કારો લઈને જન્મે છે. પોતાની જ્ઞાનેન્દ્રિયો દ્વારા તે નવાં નવાં સંસ્કારો ઝીલતું હોય છે. શિક્ષક અને માતા-પિતાના વિવિધ પ્રકારના વ્યવહારો બાળકના હૃદયને સ્પર્શતા હોય છે. આવો સ્પર્શ તેનું ચારિત્ર્ય ઘડતો હોય છે. બાળકને ઉપયોગી થાય તેવી તાલીમની શરૂઆત બાલમંદિરથી જ મળે છે. સારી ટેવો અને સ્વભાવનો પાયો નાનપણથી જ નંખાય છે. બાળ કેળવણી માટે મોન્ટેસરી પદ્ધતિ ખૂબ મહત્ત્વની અને ઉપયોગી છે. મોન્ટેસરી શિક્ષણ પદ્ધતિમાં ક્રિયાઓ દ્વારા શિક્ષણ એ મોન્ટેસરી શિક્ષણ પદ્ધતિનો પાયો છે. તેમાં જીવનના મોટાભાગના તત્ત્વોનો સમાવેશ થાય છે. મુ.શ્રી હરભાઈ ત્રિવેદીએ આ પદ્ધતિને ખૂબ પ્રાધાન્ય આપ્યું. આ પદ્ધતિમાં મુખ્યત્વે સરળ બાબતોનો વિચાર કરવામાં આવે તો (૧) નવું સર્જન કરવા માટે ક્રિયાશીલ રહેવું પડે (૨) જુદી જુદી પ્રવૃત્તિઓ, જુદા જુદા સાધનો દ્વારા અપાતી કેળવણી દ્વારા બાળકમાં સર્જન શક્તિ વિકસે છે. (૩) ક્રિયાત્મક વાતાવરણ બાળક માટે ખૂબ જ જરૂરી છે. આવા વાતાવરણથી વિદ્યાર્થી અને શિક્ષક બન્ને ક્રિયાશીલ બને છે.

બાળ મનોચિકિત્સકો કહે છે કે ૩ થી ૬

વર્ષની ઉંમરમાં બાળક જે કાંઈ શીખે, જાણે, અનુભવે તે જીવન પર્યંત ટકી રહે છે. આ ઉંમરને ધ્યાને રાખીને મા-બાપ તેમજ શિક્ષકો તેની સાથે વ્યવહાર કરે તો બાળક દરેક સારી બાબતને ઝીલવામાં ખૂબ ઉત્સાહી બનતું જાય છે.

વર્ષ ૨૦૦૭માં હું નિવૃત્ત થઈ. ત્યારે મુ.શ્રી જશીબેન અને શ્રી ઉષાબેનના આગ્રહથી નવા શરૂ કરાયેલા સરસ્વતી બાલવિહારની મને જવાબદારી સોંપવામાં આવી. તેમના માર્ગદર્શનથી મેં આ જવાબદારી સ્વીકારી. અને મારું બાલવિહાર શરૂ થયું. જ્યારે પ્રથમ દિવસે બાળક શાળામાં આવે ત્યારે તે મા-બાપ અને ઘરને છોડીને આવે છે. શાળામાં રોકાવા તૈયાર હોતું નથી. શાળામાં તે રોકાય તેવા આગ્રહને લીધે તે રડે છે. ત્યારે ખૂબ જ પ્રેમ અને વહાલ એક મોટા ચમત્કારનું કામ કરે છે. બાળકને હૂંફ મળતાં તે સલામતી અનુભવે છે. પછી ધીરે ધીરે તે શાળામાં રોકાવા તૈયાર થાય છે. ડાહ્યું-ડમરું કે ગંદુ-ગોબરું બાળક એ આપણું જ બાળક છે તેવો ભાવ રાખવો તે દરેક શિક્ષક માટે જરૂરી છે. આ પણ મોન્ટેસરી પદ્ધતિનું એક પાસું છે. આમ શરૂઆતના દિવસોમાં પોતાના પરિવારને છોડીને આવેલ બાળક સાથે આત્મીયતા મહત્ત્વનો ભાગ ભજવે છે. વાલીઓ સાથે પણ સહકારયુક્ત વલણ રાખવું જોઈએ. વાલીમાં એ આત્મવિશ્વાસ જગાવવો જરૂરી છે કે તમારા બાળકના વિકાસમાં અમે પૂરતી મહેનત કરીશું. વાલીનો આવો આત્મવિશ્વાસ શાળામાં તેની અયોગ્ય દખલગીરી ઓછી કરે છે.

સામાન્ય રીતે બાલમંદિરમાં નીચેની પ્રવૃત્તિઓ ખૂબ જ અગત્યની બની રહે છે. તેની ટૂંકમાં ચર્ચા નીચે મુજબ કરી છે.

**જીવન વિકાસની પ્રવૃત્તિ :** બાળક સ્વભાવે ચંચળ અને ક્રિયાશીલ હોઈ તે કંઈ ને કંઈ પ્રવૃત્તિ કર્યા જ કરતું હોય છે. આથી રમકડાં રમવા-ગોઠવવા-નાના-મોટા ચિત્રો તેને દેખાડવા તેમજ તેને અનુકૂળ લાગતી હોય તેવી પ્રવૃત્તિમાં તેને જોતરવાથી તે શાળા-શિક્ષકના દરેક કામમાં કે સૂચનમાં રાજી થઈ સહકાર આપે છે. જેમાં નીચે મુજબની પ્રવૃત્તિનો પણ સમાવેશ થઈ શકે.

(૧) **ઇન્દ્રિય શિક્ષણ :** આંખ, કાન, નાક, જીભ, ત્વચા દ્વારા થતી ક્રિયાને લીધે તેની ઇન્દ્રિયનો વિકાસ થાય છે. આ વિકાસ તેના માનસિક વિકાસમાં પણ મદદ કરે છે.

(૨) **જીવન વ્યવહાર :** ઘણીવાર બાળક ઘરના તદ્દન સામાન્ય ગણાતા નાના કામમાં ધ્યાન આપતો નથી. આવા કામમાં તેને સામેલ કરવાથી તેને કામ કર્યાનો સંતોષ થશે અને કેટલાક એવા પણ કામો હોય છે, જેમાં તેનામાં મદદની ભાવના કેળવાય છે.

(૩) **સર્જનાત્મક કામ :** રંગકામ, માટીથી ઘર બનાવવું - વગેરે કામ કરવાથી તે નવાં નવાં કામો તરફ વળતો થાય છે જે તેની કલ્પનાશક્તિમાં વધારો કરે છે. કલ્પનામાં રાચતો બાળક નવા કામ કરવા પ્રેરાય છે.

(૪) **રમત-ગમત :** પકડદાવ, સંતાકૂકડી, સંગીત ખુરશી, કૂદકા મારવા તેમજ બાળકોને માફક આવે તેવી ટીમ બનાવીને રમાડવી.

આમ કરવાથી તેનામાં નીડરતા અને ખેલદિલીના ગુણો વિકસે છે.

**(૫) માતૃભાષા :** ગપ્પાગોષ્ટી, વાતચીત, પા..પા..પગલી, મામા ડગલી પાડેને બોલતું જાય. તેને મઠારવાનું કામ બાલમંદિરમાં થાય છે. વધુમાં, ચકલી બોલે ચીં..ચીં...ચીં... આ પ્રમાણે જુદા જુદા અવાજ કરે તો તેમાં તે મૂળાક્ષરો અને સ્વર શીખે છે.

**(૬) ગણિત શિક્ષણ :** પોતાના અંગો, ગીતો, સાધનો દ્વારા કે કોઈ રમત દ્વારા તે ગણતરી કરી શકે છે. આમ ધીમે ધીમે તે ગણતરી કરતા અને લખતા પણ શીખી જાય છે.

**બાલવિહારની આગવી પ્રવૃત્તિઓ :**

**(૧) દાર્શનિક પ્રવૃત્તિ :** જૂનથી માર્ચ મહિના સુધી શાળામાં થયેલ વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓનું લાઈવ પ્રદર્શન રાખવામાં આવે છે. આવા પ્રદર્શનથી બાળક જાતે જ જે તે પ્રવૃત્તિ નિહાળે છે. જે લાઈવ પ્રદર્શન હોવાથી તે જોવામાં તેને રસ પડે છે અને પોતે જોયેલ વસ્તુ તેને યાદ પણ રહી જાય છે.

**(૨) વાર્તા કથન :** વાર્તા એ માનવ જીવનનો અજર-અમર વારસો છે. વાર્તા કે ગીત દ્વારા તેની ગ્રહણ શક્તિ અને કલ્પના શક્તિ ખીલે છે. આવું વાર્તાકથન તે રસપૂર્વક સાંભળે છે અને તેને સરળતાથી સમજાય પણ છે.

**(૩) વાલી મુલાકાત - વાલી સભા :** જુલાઈના પહેલા અઠવાડિયામાં વાલીસભાનું આયોજન કરવામાં આવે છે. આવી સભા વાલી-શિક્ષક અને શાળાને જોડી રાખે છે શાળાની વિવિધ પ્રવૃત્તિઓની વાલીને જાણ થાય છે. વાલીસભા દરમિયાન નિખાલસ ચર્ચાને લીધે બાળકના કે તેના અભ્યાસની મુશ્કેલીઓ ચર્ચા દ્વારા જ દૂર થવાની સગવડતા-સરળતા રહે છે.

**(૪) પ્રવાસ-રાત્રિ રોકાણ :** પ્રવાસ પર્યટન અને ક્યારેક રાત્રિ રોકાણના કિસ્સામાં બાળકને સ્વતંત્રતા મળે છે તેને એકલા રહેવાની ટેવ પડે છે. પોતે સલામત છે તેવી ભાવનાથી તેના વિવિધ ગુણો અને સમયપાલનની જવાબદારીનું ભાન થાય છે. તેનો આત્મવિશ્વાસ વધે છે.

**મારી બાલમંદિરની સફળતાનું રહસ્ય :** (૧) બાળક અને શિક્ષકના દરેક કામ માટે સદાય સહકારની ભાવના સાથે જાગૃત (૨) બાળકોને સંપૂર્ણ સહકાર આપતા શિક્ષકો (૩) સહકારની ભાવનાવાળા વાલી ભાઈ-બહેનો. (૪) શાળાકીય તમામ ભૌતિક સુવિધા (૫) પૌષ્ટિક નાસ્તો પૂરો પાડતું રસોડું (૬) સરસ્વતી વિદ્યામંડળનો બાલવિહાર માટેના દરેક કામ માટેનો હકારાત્મક દૃષ્ટિકોણ (૭) બાળકને ઘર જેવું વાતાવરણ મળે, મા-બાપ જેવી હૂંફ અને સલામતી અને તેની કૂતુહલ વૃત્તિને સંતોષવાનું વાતાવરણ મળી રહે એ જ મારા બાલમંદિરની સફળતાનું રહસ્ય છે.

# ૧૧ જુલાઈ વિશ્વ જનસંખ્યા દિવસ

- ડૉ. ગિરિશભાઈ પટેલ

ભારતમાં અને વિશ્વમાં સતત વધતી જતી જન સંખ્યા નિયંત્રણ કાનુન આવશ્યક.

ભારત વિશ્વમાં સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ બન્યો છે. ભારતની વસ્તી જનસંખ્યા ૧૪૨.૮૬ કરોડ જે ૨૦ એપ્રિલ ૨૦૨૩ મુજબ દેશની યુવા વસ્તી - યુવાધન ભારતની સંપત્તિ તરીકે ઓળખાવી શકાય.

વસ્તી એ આપવામાં આવેલા ચોક્કસ ક્ષેત્રવર્ગમાં ચોક્કસ પ્રજાતિના વ્યક્તિગત જીવની સંખ્યા છે. વસ્તીની વ્યુત્પત્તિ અર્થ તે તે વિસ્તારની પ્રજા, તે તે વિસ્તારમાં રહેતો માનવ સમુદાય, રૈયત, જનતા, પોપ્યુલેશન. જીવવિજ્ઞાનમાં વસ્તી એ ચોક્કસ જાતિના આંતરિક સંવર્ધનના ભાગનું એકત્રીકરણ છે. વિશ્વમાં અને ભારત દેશમાં વર્ષોથી પ્રતિવર્ષ વસ્તીની સંખ્યામાં ક્રમે ક્રમે વધારો થઈ રહ્યો છે  દુનિયાની વધતી જતી જન સંખ્યામાં સમસ્યાઓ સામે જગતના લોકોમાં દુનિયામાં લોકોમાં જાગૃતિ આવે એ હેતુથી આંતરરાષ્ટ્રીય સંગઠન સંસ્થા UN ના નિર્દેશ પ્રમાણે પ્રતિ વર્ષ ૧૧ જુલાઈના દિવસે વિશ્વ જનસંખ્યા દિવસ તરીકે દુનિયાના તમામ દેશોમાં ઉજવવામાં આવે છે.

આઝાદી બાદ ભારત દેશે અનેક ક્ષેત્રમાં પ્રશંસનીય પ્રગતિ કરી છે. ભારત દેશમાં જમીન વિશ્વની કુલ જમીનના ફક્ત ૨.૪% ટકા છે. જ્યારે વિશ્વની વસ્તીના ૧૭.૫% વસ્તી છે. વિશ્વના ગોળા પર જરા નજર નાખો તો આપણા કરતાં અતિ અલ્પ વસ્તી ધરાવતા મહાન મોટા વિસ્તાર ધરાવતા વિકસિત દેશો સામે આપણો દેશ બહુ નાનો લાગે છે. નેચરલ ઑઈલ જેવા કુદરતી સ્રોતો નથી, તેથી પેટ્રોલ ડીઝલ બહુ ઊંચી કિંમતે આયાત કરવું પડે છે. વિશ્વની જનસંખ્યામાં થયેલ વધારાના પરિણામે દુનિયા અને વિકાસશીલ દેશો અનેક પ્રકારની આપત્તિનો સામનો કરી રહ્યા છે. વસ્તી વિસ્ફોટ વિશ્વની વસ્તી સાથે સંબંધિત સમસ્યાઓ ગરીબી અને ભોગ અને વસવાટ, વિનાશ અને જૈવ વિવિધતા બંનેમાં ખૂબ જ મહત્વપૂર્ણ પરિબળ છે. આજે દુનિયાના લગભગ ૮૦ કરોડ લોકો સમસ્યાઓથી પીડિત છે. જેમાં ભૂખમરો, ગરીબાઈ, મોંઘવારી, બેરોજગારી, ભોજનની સમસ્યાઓ, પીવાના પાણી જેવી સમસ્યાનું સર્જન કરે છે.

વસ્તી નિયંત્રણ કાનૂન લાવવો જોઈએ. સંયુક્ત રાષ્ટ્રના એક અહેવાલમાં પણ વિશ્વના લોકોના કથળી રહેલા જીવન સ્તર માટે પૃથ્વી પર વધી રહેલી જનસંખ્યાને કારણભૂત ગણાવી છે. આપણા દેશના વસ્તી વધારા માટે  બે મુખ્ય કારણો જવાબદાર છે. એક ઊંચો જન્મદર અને નીચો મૃત્યુદર. એક સમયે દેશમાં વસ્તી નિયંત્રણ માટે વારંવાર

નિયોજનની નીતિ અપનાવાતી હતી અને તેને સારો પ્રતિસાદ મળી રહ્યો હતો. નાનું કુટુંબ સુખી કુટુંબ.

આઝાદી સમયે દેશમાં નાગરિકનું સરેરાશ આયુષ્ય ૫૦ વર્ષ આસપાસ રહ્યું. જે વર્તમાન સમયમાં વધીને ૬૮ થી ૭૨ વર્ષની આસપાસનું છે. દેશમાં ૮૦ વર્ષના વૃદ્ધોની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળે છે.

કોઈપણ વિકાસશીલ દેશમાં સતત વધતી જતી જનસંખ્યાની અસરો તેની અર્થવ્યવસ્થા પર પડે છે એ સ્વાભાવિક છે. વધતી જતી જનસંખ્યાની જરૂરિયાતને પહોંચી વળવા માટે જો એ દેશ પાસે પર્યાપ્ત પ્રાકૃતિક સંસાધનો ન હોય તો અનેક સમસ્યાઓ સર્જાઈ શકે છે. વસ્તી વધારા સામે વધતી વસ્તી સહિત સર્વને પર્યાપ્ત ભોજન પૂરું પાડી શકાય એટલા ખાધ્યાનનું ઉત્પાદન કરવાનો પડકાર આપણી સમક્ષ પડેલો છે.

નાનું કુટુંબ અંગે શૈક્ષણિક મહા અભિયાન સરકાર તમામ સંસ્થાઓમાં અને નાગરિકો દ્વારા તન મન ધનથી સ્વાસ્થ્ય સંસ્કારી શિક્ષિત એક કે બે બાળક બસના રાષ્ટ્રીય મહાસૂત્રને વ્યવહારમાં ૧૦૦% લક્ષિત કુટુંબો સાકાર કરે. વિશ્વના સૌથી મોટા લોકશાહી ભારત દેશ માટે તો આવું અભિયાન અનિવાર્ય છે.

દુનિયાના કેટલાક અર્થશાસ્ત્રીઓ એવો મત ધરાવે છે કે દેશમાં વધતી ગરીબી અપૂરતી સ્વાસ્થ્ય સેવાઓ તેમજ કથળતી કાયદા વ્યવસ્થાની પરિસ્થિતિ માટે માત્ર વસ્તી વધારો જ જવાબદાર નથી હોતો. જો સરકાર પાસે વધતી વસ્તીની સામે રોજગારીની તકો ઊભી કરવાની યોજના હોય, તો વસ્તી વધારો રાષ્ટ્રીય ઉત્પાદન વધારવામાં લાભદાયી થઈ શકે.

વિશ્વની એક તૃતીયાંશથી વધુ જનસંખ્યાને ગીચ વસવાટોમાં રહેવાની ફરજ પડે છે. કેટલાય દેશોના લાખો બાળકો અપૂરતા પોષણને કારણે આરોગ્ય સેવાઓના અભાવે મૃત્યુને ભેટે છે. શહેરોમાં ઝૂંપડપટ્ટીઓમાં તીવ્ર ગતિએ વધારો થઈ રહ્યો છે. તે સાથે ચોરી, લૂંટફાટ, ખૂન, અપહરણ, બળાત્કાર જેવી ગુનાખોરીની સમસ્યાઓ વધી રહી છે.

વર્ષ ૨૦૧૧માં વિશ્વની કુલ વસ્તી સાત અબજ જેટલી હતી. જ્યારે ભારતની વસ્તી ૧૨૪ કરોડ હતી. આજે ભારતની કુલ વસ્તી ૧૪૨ કરોડને પાર કરી ગઈ છે. ભારતમાં થતો રહેલો ઝડપી વસ્તી વધારો જોતાં સંયુક્ત રાષ્ટ્રના અહેવાલ મુજબ વર્ષ ૨૦૫૦માં ભારતની વસ્તી ૧૬૪ કરોડ અને વિશ્વ વસ્તી ૧૦ અબજને પાર કરી ગઈ હશે.

વસ્તી વધારાના ૨૦ ચક્રનો ચક્રાવો જોવા મળે છે. વિકાસના આપણા ત્રિપાંખિયા જંગમાં અગ્રતા ક્રમે સ્ત્રી શિક્ષણનો ઊંચો દર, ઊંચો આર્થિક દર અને ઝડપથી વસ્તી વૃદ્ધિ નિયંત્રણ છે. આમાં સ્ત્રી શિક્ષણનો ઊંચો દર અને ઊંચો આર્થિક વિકાસ દર બે બાબતોમાં સારી પ્રગતિ થઈ છે. ત્રીજી બાબતે જોઈએ તો વસ્તી નિયંત્રણને બદલે વસ્તી વિસ્ફોટ થયો છે.

દેશની જનસંખ્યામાં વધારો થઈ રહ્યો છે તેમ તેમ અનેક સમસ્યાઓનું સર્જન થયું છે. આપણા દેશમાં સતત થઈ રહેલા અનિયમિત વસ્તી

(અનુસંધાન પૃષ્ઠ ૩૬ ઉપર)

# પુસ્તકની ઉપેક્ષા

- બંકિમચંદ્ર બ્રહ્મભટ્ટ

મનુષ્ય સામાજિક પ્રાણી છે. તે સમાજના માણસો સાથે સતત સંકળાયેલો રહેતો હોય છે. મનુષ્ય એક યા બીજા પ્રકારે સાથ શોધતો હોય છે. મનુષ્યનો એક સાચો મિત્ર પુસ્તક છે. મનુષ્ય પુસ્તકો વાંચી સારો એવો સમય પસાર કરી શકે છે. જ્ઞાન મેળવી શકે છે. દરેક મનુષ્યને તેમના ગમતા જુદા જુદા વિષયોના પુસ્તકોનું વાંચન પસંદ હોય છે. આ પુસ્તકો આજે ઘણા સારા પ્રમાણમાં પ્રકાશિત થાય છે. તેમ છતાં આજે પુસ્તકોનું વાંચન ઓછું થઈ રહ્યું છે. પુસ્તકોની ઉપેક્ષા થઈ રહી છે. એવું સ્પષ્ટ જણાઈ આવે છે.

હા, એક સમય એવો હતો કે, માણસ પુસ્તકો વાંચવા લાઈબ્રેરીમાં સતત પોતાનો સમય પસાર કરતો અને મનગમતા પુસ્તકો વાંચી જ્ઞાન, અભ્યાસ અને વાંચનની ભૂખ સંતોષતો. આજે જરૂર કહી શકાય કે, મનુષ્યનો વાંચનનો શોખ ઘટતો જાય છે. જીવનમાં પુસ્તકોનું મહત્ત્વ ઘટતું જાય છે. સામાજિક, ધાર્મિક, સામયિકો, માસિકો, અંકો ઘરે આવે તો તેના પેકિંગ ખોલવાની પણ તસ્દી લેતા નથી. એમ જ ઘરમાં પડ્યા રહે છે. આવી પરિસ્થિતિ સર્જાવા પાછળના ઘણા બધા કારણો છે.

આજના આધુનિક યુગમાં કમ્પ્યૂટર, મોબાઈલ, ઈન્સ્ટાગ્રામ, ફેસબુક અને બીજા ઘણા બધા માધ્યમો મનુષ્યના હાથવગા થઈ ગયા છે. બધું જ હાથમાં આવી ગયું છે. આજે ટપાલ વ્યવહાર બિલકુલ નિષ્ક્રિય થઈ ગયો છે. આજના યુગમાં બાળકો લખતાં, વાંચતા પણ કમ્પ્યૂટરથી કરતા થઈ ગયાં છે. બધું જ સ્ક્રીન ઉપર થવા લાગ્યું છે. આજના યુગના બાળકોને પત્રવ્યવહારની કોઈ જ સમજ નથી. ભણતરમાં કોઈ જ એવા અભ્યાસક્રમો નથી રહ્યાં. જેથી બાળકને સંસ્કાર સિંચન થાય કે લખાણ કેમ થાય એની કોઈ જ આવડત રહી નથી. આજના બાળકો વાંચન પણ સાચું કરી શકતા નથી. ત્યારે જોડણી, વ્યાકરણ સમજવાની વાત તો ખૂબ દૂર રહી.

ઉપરની વિગતે જોતાં આજના મનુષ્યને વાંચન પ્રત્યેનો સમયનો અભાવ કહેવા પૂરતો થઈ ગયો છે. જ્યાં જુઓ ત્યાં એક જ વાત કહેતા ફરે છે, સમય નથી. બસ, આ સમય નથી એમાં જ વાંચનનો રસ રહ્યો નથી. તેમજ મોબાઈલમાં લખાપટ્ટી કરી સમય વ્યતિત કરે છે. પુસ્તક પકડીને નિરાંતે હિંચકા ઉપર, આરામ ખુરશીમાં કે બાગ-બગીચામાં બેસી વાંચતા માણસો આજે ક્યાંય જોવા મળતા નથી. આજે આવા દૃશ્ય જોવા દુર્લભ બની ગયા છે.

પુસ્તક વાંચન પ્રત્યેનો અણગમો આજના યુગના માણસમાં પ્રર્વતે છે. કારણ બધું જ ઝડપથી મેળવી લેવાની, જાણી લેવાની અપેક્ષા.

(અનુસંધાન પૃષ્ઠ ૩૧ ઉપર)

# વીજાણુ ઉપકરણો... પ્રબળ પડકાર

- દિનેશ માંકડ

વર્ગમાં સામાજિક વિજ્ઞાનના શિક્ષક શાંતિભાઈ ભૂગોળનો વર્ગ લેતા હતા. ''જુઓ ભારતના કુલ ૨૫ રાજ્ય છે.'' છેલ્લી પાટલી પરનો છોટુ ઊભો થઈને બરાડી ઉઠ્યો, ''સાહેબ, આપણા રાજ્યો ૨૫ નહિ ૩૦ છે.'' બેસ છાનો માનો. પરીક્ષામાં તો પાઠ્યપુસ્તક મુજબ આવવાનું. 'છોટુ'-પણ સાહેબ, ગુગલ...' શાંતિભાઈ, ઝંખવાયા, ''બેસ છાનોમાનો. મોટો હોશિયારી બતાવવા નીકળ્યો છો.''

શિક્ષણમાં હવે વીજાણુ ઉપકરણો લગભગ અનિવાર્ય જ છે. અગ્રિમ આવશ્યક છે. પણ સાથે તેની સાથેનો સહ અનુબંધ પણ ગોકળગાય ગતિએ નહિ પણ રૉકેટ ગતિએ ચાલવો જોઈએ.

સમયની સાથે માણસ હંમેશા પરિવર્તન સ્વીકારતો આવ્યો છે. નવા આવિષ્કાર અને નવીન સંસાધનથી સતત પરિચિત થતો જ રહ્યો છે. પરંતુ શિક્ષણ ક્ષેત્રે થતા પરિવર્તનની ગતિ અતિ મંદ રહી છે. કારણ જે હોય પણ જે ગતિએ શિક્ષણમાં પદ્ધતિ અને પાઠ્યક્રમમાં પરિવર્તન આવવું જોઈએ તેનાથી ખૂબ જ ધીમું પરિવર્તન આવે છે. અને તેથી જ શિક્ષણક્ષેત્રમાં વિશ્વમાં આપણું નામ ઓછું થાય છે. આપણા વધારે સંતાનો વિદેશમાં અભ્યાસ માટે આકર્ષાય છે. ધકેલાય છે. ડિજિટલ લર્નિંગ સમયની તાતી માંગ છે. જો કે આશા રાખીએ કે નવી શિક્ષણનીતિ ચોક્કસ નવી દિશા ચીંધશે જ.

**શિક્ષકની અલ્પ જાગરૂકતા :** કોણ જાણે કેમ, પણ વોટ્સઅપને યુટ્યુબમાં મચેલો શિક્ષક, આવતીકાલે શાળામાં ચલાવવાના એકમ માટે કશુંય સર્ચ કરવાની તસ્દી લેતો નથી. સરકારે CCC ફરજિયાત કર્યું તો ગોવિંદ માસ્તરે આઈ.ટી.આઈ. માં ચાર હજારમાં કમ્પ્યૂટર પર બેઠા વગર પ્રમાણપત્ર લાવી દીધું. (સત્ય ઘટના). કેટલીય શાળાઓમાં (પ્રાથમિક શાળાઓમાં વિશેષ) સરકારે આપેલા તમામ ડિજિટલ લર્નિંગ અને વીજાણુ ઉપકરણોના શૈક્ષણિક ઉપયોગ સુધી પહોંચવામાં સમય તો લે જ છે. છતાં અનિવાર્ય તો છે જ. શિક્ષકમિત્રોમાં પણ ૫૦ વાળા કેટલાયને પોતાનું નિવૃત્તિ વર્ષ નજીક દેખાતું હોય એટલે નવું શીખવાની વૃત્તિ ઓછી હોય તેવું બને છે. જેનું સીધું નુકસાન વિદ્યાર્થીને-શાળાને થાય છે.' યુગ સાથે ચાલે તે યુવાન અને યુગથી પાછળ રહે તે વૃદ્ધ.' - એ ન્યાયે ગમે તે વયવાળા શિક્ષકમિત્રોને યુવાન બનાવવા જ પડશે. અલબત્ત કોરાનાકાળ ઘણું નવું શીખવી ગયો. તેમાંય શિક્ષણમાં વિજાણુ ઉપકરણનો ઉપયોગ અનિવાર્ય બન્યો.

વળી, શિક્ષકમિત્રોએ એ પણ યાદ રાખવું પડશે કે શાળા ઉપરાંત વિદ્યાર્થી પાસે ઘરે પણ એક 'ગુગલ ગુરુ' છે એટલે વારંવાર 'ગુરુ કરતા ચેલો સવાયો' કહેવત સાચી પુરવાર થશે જ. એ વખતે એને દોઢ ડાહ્યા કહીને બેસાડી

નહિ શકાય. હકીકતમાં તો હોંશિયાર શિક્ષક તો તેની આ ટેવનો રચનાત્મક ઉપયોગ કરીને પોતાનું કાર્ય સરળ કરી શકે. અલબત્ત પોતાની પૂર્વ, પૂર્ણ તૈયારી સાથે. આજે ખૂબ ઘણા શિક્ષકમિત્રો આ પ્રયોગ કરે પણ છે જ.

'બકરું કાઢતાં ઊંટ પેઠું' - જાણીતી કહેવત યાદ આવે છે. વીજાણુ ઉપકરણનો શાળા શિક્ષણમાં ઉપયોગ અભ્યાસક્રમ અનુસાર અને શિક્ષકના માર્ગદર્શનમાં થાય ત્યાં સુધી તો સારું છે. પણ કેટલીકવાર અવળું બનવાની સંભાવના અને જાગૃતિ પણ અનિવાર્ય છે જ. અટકચાળો અંકિત, કમ્પ્યૂટરના શિક્ષક પાણી પીવા પ્રયોગશાળાની બહાર ગયા ને સ્ક્રીન પર વિડીયો ગેમ શરૂ થઈ જાય એવું ય બની જ શકે ને? અહીં સુધી તો ઠીક છે પણ ઘરે ગૃહકાર્યના બહાને કમ્પ્યૂટર, મોબાઈલ કે ટેબ્લેટ જેવાં વીજાણુ સાધનનો દુરુપયોગ જોખમી સાબિત થઈ શકે.

મોટા શહેરની કેટલીક આધુનિક શાળાઓ તો મોટા ધોરણના વિદ્યાર્થીઓને આવાં તમામ વીજાણુ ઉપકરણો લાવવાની સૂચના અને સહમતી પણ આપતી હોય છે. કોઈ શાળા તેને અનિવાર્ય પણ ગણાવે છે. ટપુ પાટલીએ બેઠો હોય અને મનુ માસ્તર હાથમાં પટ્ટી લઈને ફરતા હોય, એ હવે બિલકુલ ભૂતકાળ જ બનવાનો છે. આવા સમયે ડિજિટલ લર્નિંગ પ્રક્રિયાની ઝડપી ગતિશીલતા માટે આપણા દેશ-રાજ્યમાં અનેક પડકારો છે. એ જેટલા જલ્દી નિવારાશે તેટલા જલ્દી આપણે તેના ફળ ચાખીશું. સો વાતની એક વાત. વીજાણુ ઉપકરણો અને ડિજિટલ લર્નિંગ હવે સમયની માંગ છે. તેનો ઉત્તમ અને શ્રેષ્ઠ સમજદારીપૂર્વક અને પૂર્વગ્રહમુક્ત ઉપયોગ કરવો જ પડશે. નહિ ચાલે તેના વિના.

(અનુસંધાન પૃષ્ઠ ૨૯ થી ચાલુ)
દરેક કામમાં ઝડપ કરવાની, કેમ કરી જલ્દીથી આ સમજી લઉં કે વાંચી લઉં એવી ઝડપની ઘેલછા. ભણતા વિદ્યાર્થીઓ પણ એકબીજાની નકલો કરી કેમ કરી ઝડપથી પોતાનું કામ પતાવી દેવું એવી સમજ ધરાવે છે. સમજી વિચારીને કામ કરવાની કોઈ પદ્ધતિ જ તેમના મનમાં વિકસિત થઈ નથી. આમ, વાંચન પ્રત્યેની અરૂચિ જ મુખ્ય કારણ થઈ પડ્યું છે.

આજના યુગમાં ઘણા લેખકો અને કવિઓ પોતાના લેખો, કૃતિઓ રજૂ કરે છે. ઘણા જ જ્ઞાનવર્ધક પુસ્તકો પ્રકાશિત થાય છે. પુસ્તકો એમ જ પડ્યા રહે છે. એને ખરીદનાર કે વાંચનાર વર્ગ આજે ઓછો થતો જાય છે. જે પીડા ઉપજાવનાર અને દુઃખદ છે. આજે પુસ્તકો પ્રકાશિત થાય છે એને ખોલીને કોઈ જોનાર નથી. પુસ્તકની આવી ઉપેક્ષા થતાં જાણે આજે પુસ્તક રડી રહ્યું છે. જમાનો બદલાઈ ગયો છે. જેવી રીતે એક સમયે રેડિયો, ફોન, ટેપ રેકોર્ડર, શાહી ભરેલી પેન, એસટીડી ફોનની બોલબાલા હતી જે બધું જ વિસરાઈ ગયું છે. તેમ આજે પુસ્તકોનું વાંચન પણ વિસરાતું જાય છે. ઘણી દુઃખદ બાબત છે. વિચાર માંગી લે તેવો યક્ષ પ્રશ્ન છે. આજના આધુનિક યુગમાં વાંચન કરતાં માણસો જૂજ રહ્યાં છે. ક્યાંક ધાર્મિક, સામાજિક માસિક અંકો વંચાતા હશે, બાકી તો એ પણ એમ જ ખૂણે પડ્યા પડ્યા રડતા હોય છે. માણસ એનો એક સાચો મિત્ર પુસ્તકને ગુમાવી રહ્યો છે. એનું અત્યંત દુઃખ જ અનુભવવું રહ્યું.

# સફારી મેગેઝિનની વિદાય

૧૯૮૫થી અવિરત ચાલતું બુદ્ધિશાળી વાચકો માટેનું મેગેઝિન ''સફારી'' હવે બંધ થાય છે. ગુજરાતના વિજ્ઞાનપ્રેમીઓ માટે આ બહુ મોટા દુઃખદ સમાચાર છે. વિજ્ઞાનના તમામ વિષયોને સ્પર્શતા અનેક પ્રશ્નો અને સમગ્ર બ્રહ્માંડમાં ઉપસ્થિત દરેક વસ્તુ, ઘટના, પર્યાવરણ અને વિશ્વની સારી-ભલી બાબતોની તેમજ વિજ્ઞાન વિષયને લગતી બાબતોની ''તલસ્પર્શી છણાવટ'' આ મેગેઝિને સદાય કરી છે. અને એ રીતે સમાજને ઉપયોગી માહિતી આપવાનું કામ ''સફારી'' મેગેઝિને કર્યું છે. આ પ્રકારનું ઉત્તમ મેગેઝિન બંધ થાય એ તમામ વિજ્ઞાનપ્રેમીને દુઃખ લગાડે તેવી ઘટના છે. આ મેગેઝિનના તંત્રીશ્રી નગેન્દ્ર વિજયે આ બાબતે પોતાનું ભારોભાર દુઃખ વ્યક્ત કર્યું છે. નેટ-ઈન્ટરનેટ અને સોશિયલ મિડીયા જ્યારે કલ્પના બહારની પ્રગતિ કરે છે ત્યારે પ્રિન્ટ મિડીયાની દયનીય હાલત અંગે પણ તેમણે અંગુલિનિર્દેશ કર્યો છે.

એ વાત ખૂબ સાચી અને નિર્વિવાદ છે કે સમાજનું યોગ્ય ઘડતર, સારા વિચારોની પ્રેરણા આપતી વાતો તેમજ દેશ-વિદેશની અનેક ઘટનાઓની માહિતી આવા ઉત્તમ માસિકોમાં આવતી હોય છે. આવા પ્રકારની માહિતી માનવ-માનવને એકબીજા સાથે સાંકળી રાખે છે. વળી કેટલાક જિજ્ઞાસુ વાચકો નાગરિકો કે પછી એમ કહો કે કોઈ વિદ્યાર્થીને ઊંચા ધ્યેય માટેની મથામણ કરવા પ્રેરણા આપે છે. આવા અનેક ઉદાહરણો 'સફારી' મેગેઝિનમાં પ્રગટ થયા છે. તેનો તાજો દાખલો ઉડીને આંખે વળગે તેવો છે. તે એમ છે કે મે-૨૦૨૫માં ''જાતે બનાવો મોડેલ વિમાન'-થી શરૂ થયેલી પાર્થ પંચાલની sky is the limit. સુધીની યાત્રા આપણને સફળતાના શિખરે પહોંચવા માટે પ્રેરણાદાયી પુસ્તકો - કે લેખો કેટલા ઉપયોગી હોય છે તેની ઝાંખી કરાવે છે. આ લેખ અનેક જિજ્ઞાસુ વિદ્યાર્થીઓને ખૂબ ઉપયોગી થઈ પડે છે તેમ છે.

વિજ્ઞાનના વિષયની દરેક બાબતોને આ મેગેઝિને મહત્વ આપ્યું છે. વિજ્ઞાનક્ષેત્રે થયેલ નવી નવી શોધખોળો અને પ્રયોગોની વિગતે માહિતી આ મેગેઝિનમાં પ્રગટ થતી હતી. લોકોમાં વિજ્ઞાન વિષય પ્રત્યે રસ-રૂચિ કેળવાય અને સામાન્ય વાચકોના જીવનમાં વૈજ્ઞાનિક દૃષ્ટિ વિકસે તે પ્રકારની જાણકારી મળતી રહે તે સફારી મેગેઝિનનો મુખ્ય આશય રહ્યો છે. ખાસ કરીને વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન અંગેની જાગૃતિ આવે અને તે આ વિષયમાં રસ લેતો થાય એ આ મેગેઝિનનો મુખ્ય હેતુ હતો. વિજ્ઞાનના વિષયને સ્પર્શતી નવી શોધો અને માનવ જીવનમાં તેના મહત્ત્વના બાબતોની ઊંડાણે ચર્ચા આ મગેઝિને કરી છે. વિજ્ઞાન

વિષય અંગે એક શાળા જેટલું સારું કાર્ય કરી શકે એનાથી અનેકગણું કામ આ સફારી મેગેઝિન દ્વારા થયું છે.

હવે જ્યારે ૨૧મી સદીના બે દાયકા પૂરા થયા અને સમગ્ર માનવ જગત માટે વિજ્ઞાનની નવી ક્ષિતિજો વિકસતિ જાય છે. જેમાં AI પણ છે. અંતરિક્ષ યાત્રા અને બ્રહ્માંડ માનવ માટે નજીક થતું જાય છે. ત્યારે વિજ્ઞાન એ વિદ્યાર્થીઓ, બુદ્ધિજીવીઓ અને સામાન્ય નાગરિક માટે ખૂબ અગત્યનું બની રહેવાનું છે. આવા મેગેઝિન બંધ થવાથી ગુજરાતના વાચકો વિજ્ઞાનની માહિતીથી વિમુખ થશે તેની ચિંતા કરવી રહી.

(તંત્રી ઘરશાળા માસિક)

---

(અનુસંધાન પૃષ્ઠ ૧૫ થી ચાલુ)

આવી શ્રદ્ધેય વ્યક્તિ - સંસ્થાની મુલાકાત વેળાએ સહજ પૂછાઈ ગયું : ''યશવંતભાઇ, શિક્ષકના જાહેર જીવન વિશે આપ શું માનો છો?''

''શિક્ષકનું જીવન તે જાહેર જીવન છે. વર્તમાન જીવનમૂલ્યો અને ભાવિ પેઢી માટે ઉપકારક જીવનમૂલ્યો તેના જીવનમાં ડોકાવાં જોઈએ. સમાજના જીવનને લગતી બાબતે તે પોતાનો અભિપ્રાય જરૂર વ્યક્ત કરે. ઈશ્વરભાઇ, શિક્ષક રાષ્ટ્રકારણમાં જરૂર રસ લે, રાજકારણમાં નહીં.''

''હાલના અને પછીના શિક્ષકો માટે આપનો સંદેશ?''

''સંદેશ શિક્ષકોને આ : જો તમે વ્યવસાયને વરેલા હો ને તમારું પોતાનું વિત્ત વિકસાવતા હો ને વિદ્યાર્થીઓમાં વહેંચતા હો તો જીવનનો સાચો આનંદ શેમાં છે તેની શોધ નહીં કરવી પડે.''

શિક્ષણ-વ્યવસાયને વરેલા અને સદાય પોતાનું સંવિત્ત વિકસાવતા અને વહેંચતા રહેતા વિદ્યાક્ષેત્રે કબીરવડ જેવા વિશાળ ને ઘેઘૂર વડીલ શ્રી યશવંતભાઈ શુક્લના જીવન-આનંદને સલામ!

---

(અનુસંધાન પૃષ્ઠ ૨૬ થી ચાલુ)

એક રેખા અને વિશ્વનું એક અજોડ નિર્વાસન! ૧૭ ઑગસ્ટ ૧૯૪૭. આઝાદીના બે દિવસ વીતી ગયા હતા. પરંતુ કરોડો લોકો મૂંઝવણમાં હતા કે તેઓ ભારતમાં છે કે પાકિસ્તાનમાં? એક જ માના ગર્ભમાં સૂતેલાં જોડિયાં બાળકો વિખૂટા પડ્યા. ત્યારે સર્જાયેલા તાંડવે જે કરુણાંતિકા સર્જી તે પ્રશ્ન કરે છે કે,

''સરહદે ઈન્સાનો કે લિયે હૈ
સોચો તુમને ઔર મૈંને ક્યા પાયા ઈન્સાન હોકે''

(ક્રમશઃ)

---

(અનુસંધાન પૃષ્ઠ ૩૧ થી ચાલુ)

વધારાના પરિણામે ખોરાક, પાણી, આરોગ્ય, સેવાઓ, શિક્ષણ અને રોજગારીના પ્રશ્નો, કાયદો - વ્યવસ્થાઓ અંગે અનેક ગંભીર પ્રશ્નો સર્જાયા છે. એ હકીકત સર્વ કોઈ સ્વીકારે છે. આખા દેશનો એક વર્ગ એવું માને છે કે, હવે વસ્તી વધારાને નિયંત્રિત કરવો અતિ આવશ્યક છે. જરૂર પડ્યે કેન્દ્ર સરકાર દ્વારા કાયદા દ્વારા વસ્તી વધારાના પ્રશ્નને હલ કરવો જોઈએ. પરંતુ સાચો ઉપાય તો શિક્ષણનો વ્યાપ વધારવામાં જ છે.

# આપણા રાષ્ટ્રીય પ્રતિકો

- વસંત મ. દવે

રાષ્ટ્રીય પ્રતિક એક ઓળખ આપે છે. રાષ્ટ્રીય પ્રતિકોની પસંદગી દેશ માટે વિશેષ મૂલ્યોને સાકાર કરે છે. આપણા દેશના રાષ્ટ્રીય પ્રતિકો આધ્યાત્મિક તથા ભાવનાત્મક એકતા સાથે માનવીય સંબંધોને અભિવ્યક્ત કરે છે. માનવીય લાગણીની અભિવ્યક્તિ તથા કલાત્મક સર્જનના સૂચકરૂપે રાષ્ટ્રીય પ્રતિકો રજૂઆત પામે છે. ઉદાહરણ તરીકે રાષ્ટ્રધ્વજ, રાષ્ટ્રગીત તથા રાષ્ટ્રગાન, ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામની ગાથા આપણને ભારતના નાગરિક તરીકે જાગૃત કરે છે. ભારતના નાગરિકોને પ્રેરણા આપે છે. જેમાં મહાન સમાજ સુધારક, સાહિત્યકાર, વિચારક તથા સંગીતકાર જેવા વિવિધ ક્ષેત્રના રાષ્ટ્રભક્તો ભારતને અંગ્રેજોના શાસનમાંથી મુક્ત કરવા ઝઝૂમ્યા હતા. વાઘ, મોર, કમળ, જેવા પ્રતિકો દ્વારા પ્રકૃતિ, વનસ્પતિ તથા પ્રાણી જગત સાથે માનવીય સંબંધો પ્રસ્થાપિત કરે છે. રાષ્ટ્રીય કેલેન્ડર આપણા પ્રાચીન જ્ઞાનને ઉજાગર કરે છે. સિંહાકૃતિનું પ્રતિક સમ્રાટ અશોકનું જીવનદર્શન તથા સમ્યક જ્ઞાનની અભિવ્યક્તિ છે.

ભારતમાં ૨૦૦૦થી વધુ પક્ષીઓની પ્રજાતિઓ છે, જેમાં સૌથી વિશેષ ભવ્ય, મનમોહક અને આકર્ષક પક્ષી મોર છે. વર્ષાઋતુમાં મોરની આગવી છટા, ટહૂકો, નૃત્ય ઉત્સવની વધામણી છે. સંસ્કૃતમાં મોરને 'મયૂર' કે 'કલાપી' કહે છે. મોર સાપના દુશ્મન તરીકે જાણીતો છે. ભારતીય ચિત્રકલામાં, શિલ્પકલામાં મોરની ચાંચમાં લટકતા સાપના અનેક ચિત્રો છે. તેથી જ મોરને 'ભૂજંગભુક' કહે છે.

મોરના મસ્તક પર કલગી કે આસમાની તાજ સમાન મુકુટ હોવાથી 'શીખી' અથવા 'શિખાવલ' પણ કહેવાય છે. મોર 'મૌર્ય' વંશનું પ્રતિક ચિહ્ન છે. 'મૌર્ય' શબ્દ 'મોર'નું માહાત્મ્ય પ્રગટ કરે છે. કહેવાય છે કે મોર મેઘગર્જનાથી સંમોહિત થઈ નૃત્ય કરે છે. 'નાચત મોર સંગ શ્યામ' 'શ્યામ' શબ્દ વાદળોનું પ્રતીક છે. વિવિધ ભાષામાં મોરના નામ આ મુજબ છે.

હિન્દી, ઉર્દૂ, પંજાબી, મરાઠી, ગુજરાતી : મોર

કન્નડ : નવિલુ, તમિલ, મલયાલમ : માથિલ

સંસ્કૃત : નીલકંઠ, ભૂજંગભુક, શિખી, શિખન્ડિન, ફારસી : તૌસ (તાઉસ)

મોર પ્રાચીન, લોકપ્રિય, શોભાકારી પક્ષી છે. પ્રાચીન વ્યાપારી માર્ગોના માધ્યમથી મેસેપોટેમિયાની સંસ્કૃતિમાં ૪૦૦૦ વર્ષથી વધુ સમય પહેલાં મોર પક્ષીનો ઉદ્ભવ થયો ગણાય છે. ભૂમધ્ય સમુદ્ર દ્વારા યુરોપિયન દેશોમાં પહોંચ્યા. એક ભારતીય રાજા દ્વારા ઈઝરાયેલના રાજા સોલામનને મોર ભેટ આપવામાં આવ્યો હતો. સિકંદર ભારત આવ્યો ત્યારે પોતાની સાથે મોર લઈ ગયો

હતો. ઈ.સ. ૩૦૦ પૂર્વે સમ્રાટ અશોકે મોરના શિકાર પર પ્રતિબંધ મૂકાવ્યો હતો. અભ્યારણ્યોની સ્થાપના કરી હતી.

ભારતીય સંગીતમાં રાગરાગિણીઓના ચિત્રાત્મકરૂપે રાગમાલા પ્રદર્શિત કરે છે. જેમાં મોર અધિક દૃષ્ટિગોચર થાય છે. મોરના સૌંદર્ય, લાલિત્ય, મિત્રતા, સુલભગુણોથી તેમજ સાહિત્ય, સંગીતમાં મોરના પ્રતિનિધિત્વથી જ ભારત સરકારે 'મોર'ને રાષ્ટ્રીય પક્ષી જાહેર કર્યું છે.

રાષ્ટ્રીય પુષ્પ 'કમળ' - જીવનના ઉંમગનું પ્રતિક પુષ્પ ધરતી માતાને પ્રકૃતિની અનુપમ ભેટ છે. પુષ્પ પોતાની સંરચના વર્ણ, ખુશ્બુ તથા આકૃતિમાં વિવિધતામાં અવર્ણીય છે. કોઈપણ પુષ્પની કોમળતાથી પરિપૂર્ણ પાંદડી, વૈવિધ્યસભર સુગંધથી પ્રત્યેક દર્શકમાં છૂપાયેલા કલાકારને પ્રકટ કરે છે.

ભારતમાં પ્રકૃતિની પૂજા થતી હોવાથી પુષ્પોનો અનેરો મહિમા છે. ઘરમંદિરોમાં પ્રભુને સમર્પણ માટે પુષ્પોનો જ ઉપયોગ થાય છે. ધાર્મિક કે સામાજિક ઉત્સવો, અનુષ્ઠાન, સમારંભોમાં પુષ્પનું પ્રાધાન્ય વિશેષ છે. તેથી કમળ 'પુષ્પરાજ' ગણાય છે. કમળના વિવિધ નામો પણ તેના ગુણધર્મોની આગવી છટાને કારણે છે.

| | | | | |
|---|---|---|---|---|
| કમળ | સરોજ | રાગિની | પુષ્કર | રાજીવ |
| પદ્મ | સરોરહ | પુન્ડરિક | અમ્બુજ | કુમુદ |
| નલિની | પંકજ | પુષ્પરાજ | ઉત્પલ | કવલ્ય |

જેવા વિવિધ નામગુણ ધરાવતા કમલપુષ્પ 'પ્રેમ'નું પુષ્પ છે. કલ્યાણનું આવાહન કરનાર કમલપુષ્પ અનુરાગ, પવિત્રતા, સૌંદર્ય, સાંસારિક પ્રેમનું પ્રતિક છે.

ભારતીય પુરાણો, દંતકથાઓમાં કમળ વિશે ઉલ્લેખો છે, કમળની અર્ધ દીર્ઘાવૃત્તાકાર કળીઓ, ચક્રાકાર પાંદડીઓ કવિ, નૃત્યકારો, કલાકારો, સંગીતકારોને પ્રેરણા આપે છે. ભારતીય જીવનદર્શનમાં કમળની વિશેષ પ્રશંસા કરી છે. ૫૦૦૦ વર્ષ પ્રાચીન સંસ્કૃતિમાં કમળ સંસ્કૃતિ વિસ્તરી છે. પ્રકૃતિ કમલપુષ્પના માધ્યમથી આદિકાળથી જીવનદાયી શક્તિઓ ઉજાગર કરે છે.

મૂર્તિ શિલ્પમાં શૈષશૈયા, શયન મુદ્રામાં ભગવાન વિષ્ણુને પ્રદર્શનીય કરેલ છે. જેમના નાભિકમળમાંથી કમળ પ્રકટેલ છે. દેવી કમલા પણ 'કમલસ્થ' છે. કમળ સૃષ્ટિ ઉત્પત્તિનું પ્રતિક છે.

રાષ્ટ્રગીત-રાષ્ટ્રગાન-'જનગણમન'થી વધુ પ્રાચીન વંદેમાતરમ્ છે. ઈ.સ. ૧૮૮૨માં બંકિમચંદ્ર ચેટર્જીએ 'વંદેમાતરમ્'ની રચના કરી. તેમના 'આનંદમઠ' ઉપન્યાસમાં પ્રકાશિત થયું. ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસ ૧૮૯૬ના પ્રથમ સત્ર 'વંદેમાતરમ્' રાજનૈતિક સ્તરે ગવાયું. આ ગીતનું સ્વરાંકન ગુરુદેવ કવિવર રવીન્દ્રનાથ ઠાકુરે કર્યું હતું.

સને ૧૯૦૫ના બંગાળના વિભાજનથી સમગ્ર રાષ્ટ્ર ચિંતિત થયું. ત્યારબાદ બંગાળમાં પ્રત્યેક સભાઓમાં 'વંદેમાતરમ્' ગવાતું, કારણ કે તેનાથી દેશભક્તિની લહેર આમ જીવનમાં ઊઠતી હતી. ૧૯૦૬માં બારિસાલ (બંગાળ)માં કૉંગ્રેસનું પ્રથમ અધિવેશન ભરાયું ત્યારે પ્રથમ દિવસે સ્વયં રવીન્દ્રનાથ ઠાકુરે આ ગીત ગાયું હતું. (અનુસંધાન પૃષ્ઠ ૪૨ ઉપર)

# શિક્ષણ સમાચાર

- અશોક સોમપુરા

**તંત્રી નોંધ :** ''ઘરશાળા'' માસિકમાં શિક્ષણ સમાચાર દર મહિને નિયમિત રીતે પ્રગટ કરવામાં આવે છે. આ સમાચાર વર્તમાનપત્રો અને સામયિકોને આધારે તૈયાર થાય છે. એટલે એ દૃષ્ટિએ જોવા વાંચકોને અમારી વિનંતી છે. **- તંત્રીઓ**

**ગુજરાતની ૧૭૨૭ ગ્રાન્ટેડ શાળાઓને અંતે કમ્પ્યૂટર લેબ-સ્માર્ટ ક્લાસ અપાશે :**

સરકાર દ્વારા સરકારી શાળાઓની જેમ ગ્રાન્ટેડ શાળાઓને પણ કમ્પ્યૂટર લેબ અને સ્માર્ટ ક્લાસ આપવામાં આવે છે. પરંતુ ૯૦થી ઓછા વિદ્યાર્થીઓ ધરાવતી શાળાઓને સ્માર્ટ ક્લાસ અને કમ્પ્યૂટર લેબની મંજૂરી અપાતી ન હતી. સરકારે અંતે રાજ્યની ૧૭૨૭ ગ્રાન્ટેડ પ્રાથમિક અને માધ્યમિક-ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને કમ્પ્યૂટર લેબ તેમજ સ્માર્ટ ક્લાસ આપવા મંજૂરી આપી દીધી છે. આ યોજનામાં બાકી રહેલ રાજ્યની ૫૧૫ ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ અને ૯૦થી ઓછા વિદ્યાર્થીઓ ધરાવતી રાજ્યની ૧૨૧૨ ગ્રાન્ટેડ માધ્યમિક-ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને ડિજિટલ માળખાકીય સુવિધાઓ અપાઈ ન હતી.

આથી સરકાર દ્વારા બાકી રહેલ રાજ્યની ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ અને ૯૦થી ઓછા વિદ્યાર્થીઓ ધરાવતી ૧૨૧૨ ગ્રાન્ટેડ માધ્યમિક-ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને સ્માર્ટ ક્લાસ તથા કમ્પ્યૂટર લેબ જેવી સુવિધાઓ આપવાની મંજૂરી આપવામાં આવી છે.

**ગુજરાતમાં બે ટકાથી ઓછી શાળાઓને ''એ'' પ્લસ ગ્રેડ પ્રાપ્ત થયો :**

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ એટલે કે જીસીઈઆરટી દ્વારા ગુણોત્સવ ૨.૦ (સ્કૂલ એક્રેડિટેશન) ૨૦૨૪-૨૫નું પરિણામ જાહેર થયું. ગુણોત્સવ ૨.૦માં ગુજરાતની પ્રાથમિક અને હાઈસ્કૂલ મળી કુલ ૪૦,૨૮૯ સરકારી શાળામાંથી માત્ર ૫૨૪ શાળાઓને જ ''એ'' - પ્લસ ગ્રેડ પ્રાપ્ત થયો છે. પરંતુ સતત મોનિટરીંગના લીધે માત્ર એક જ વર્ષમાં ''એ'' - પ્લસ અને ''એ'' ગ્રેડમાં શાળાની સંખ્યા ૨૯૭૧થી વધીને ૯૩૮૮ એ પહોંચી છે. પ્રાથમિક અને આશ્રમ શાળાઓની સંખ્યામાં ગયા વર્ષની સરખામણીએ ''એ'' - ગ્રેડમાં ૯૪ ટકાનો વધારો થયો છે. ગયા વર્ષે ''એ'' - ગ્રેડમાં માત્ર ૧૯૧૯ શાળાઓ હતી જે આ વર્ષે વધીને ૪૪૪૨ થઈ છે.

એ-પ્લસ ગ્રેડમાં ગયા વર્ષની સરખામણીએ ૧૧નો વધારો થયો છે. માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક મળીને કુલ ૭૦૯૨ શાળાઓમાંથી ''એ'' ગ્રેડમાં ૧૪૨૨, બી - ગ્રેડમાં ૪૯૯૯,

સી ગ્રેડમાં ૫૩૦ અને ડી ગ્રેડમાં માત્ર ૩ (ત્રણ) જ શાળાઓનો સમાવેશ થયો છે.

**નવા શૈક્ષણિક વર્ષમાં પ્રાથમિક શાળાઓ માટે ૨૪૯ શૈક્ષણિક દિવસો :**

પ્રાથમિક શાળાઓ માટે માસવાર શૈક્ષણિક દિવસો અને કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યા છે. બોર્ડ દ્વારા જાહેર કરતું એકેડેમિક કેલેન્ડર મોટા ભાગે માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક સાથે પ્રાથમિક માટે પણ લાગુ પડતું હોય છે. બોર્ડના કેલેન્ડર મુજબ પ્રથમ સત્રમાં ૧૦૫ અને અને બીજા સત્રમાં ૧૪૪ દિવસો સહિત કુલ ૨૪૯ શિક્ષણના દિવસો છે. આના અમલ માટે સરકાર દ્વારા જરૂરી આદેશો પણ કરવામાં આવ્યા છે.

આ અંગે માસવાર જોઈએ તો જૂનમાં ૧૯, જુલાઈમાં ૨૭, ઓગસ્ટમાં ૨૨, સપ્ટેમ્બરમાં ૨૫, ઓક્ટોબરમાં ૧૨, નવેમ્બરમાં ૨૧, ડિસેમ્બરમાં ૨૬, જાન્યુઆરીમાં ૨૫, ફેબ્રુઆરીમાં ૨૪, માર્ચમાં ૨૨, એપ્રિલમાં ૨૪ અને મે માં ૨ (બે) શિક્ષણના દિવસો રહેશે. પ્રાથમિકથી માંડી ઉચ્ચતર માધ્યમિક સુધીના ૧ થી ૧૨ના તમામ વર્ગોમાં પ્રથમ સત્ર અને બીજુ સત્ર એક સાથે શરૂ થશે અને એક સાથે પૂરું થશે.

**JEE (જેઈઈ) એડવાન્સમાં પ્રથમવાર ગુજરાતના ૧૦ વિદ્યાર્થી દેશના ટોપ ૧૦૦ રેન્કમાં :**

દેશની વિવિધ આઈઆઈટીમાં પ્રવેશ માટેની જેઈઈ એડવાન્સ પરીક્ષાના પરિણામમાં ગુજરાતના એક સાથે ૧૦ (દસ) વિદ્યાર્થી દેશના ટોપ ૧૦૦ રેન્કમાં આવ્યા છે. ગયા વર્ષે છ વિદ્યાર્થી દેશના ટોપ ૧૦૦ રેન્કમાં હતા. આ વખતે અમદાવાદનો મોહિત અગ્રવાલ ૧૨મા રેન્ક સાથે દેશના ટોપ ૨૦ રેન્કમાં આવ્યો છે. જેઈઈ એડવાન્સમાં ગુજરાતનું પરિણામ ૩૩ ટકા રહ્યું છે. ગુજરાતમાંથી ૨૦૯૫ વિદ્યાર્થીઓ એડવાન્સ પરીક્ષામાં ક્વોલિફાય થયા છે.

| ગુજરાતના રેન્કર્સ વિદ્યાર્થી | કટ ઑફમાં સૌથી મોટો ઘટાડો | | | |
|---|---|---|---|---|
| | રેન્ક | કેટેગરી | લઘુત્તમ માર્કસ | |
| | | | ૨૦૨૫ | ૨૦૨૪ |
| મોહિત અગ્રવાલ | ૧૨ | કોમન રેન્ક | | |
| આગમ શાહ | ૧૭ | ઓપન | ૭૪ | ૧૦૯ |
| મન પટેલ | ૪૩ | ઓબીસી | ૬૬ | ૯૮ |
| રિશભ ઐયર | ૪૮ | ઈડબલ્યૂએસ | ૬૬ | ૯૮ |
| શિવેન તોશનિવાલ | ૫૮ | એસસી | ૩૭ | ૫૪ |
| આરૂષ આનંદ | ૬૪ | એસટી | ૩૭ | ૫૪ |
| કુહાન કટારા | ૬૬ | પીડબલ્યૂડી | ૩૭ | ૫૪ |
| યશ મેશિયા | ૮૫ | - | - | - |
| કલ્પ શાહ | ૮૬ | - | - | - |
| આદિત ભગાડે | ૯૪ | - | - | - |

**NEET-માં ટોપ ૧૦માં ગુજરાતના બે વિદ્યાર્થી : ટોપ ૧૦૦માં ૯ (નવ) વિદ્યાર્થી**

ધોરણ-૧૨ સાયન્સ પછીના મેડિકલ, ડેન્ટલ, આયુર્વેદ અને હોમિયોપથી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે દેશભરમાં નીટ (નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ) લેવામાં આવી હતી. આ નીટની પરીક્ષાના પરિણામમાં દેશના ટોપ ૧૦માં બે વિદ્યાર્થી સહિત પ્રથમવાર ગુજરાતના ૯ વિદ્યાર્થી

દેશના ટોપ ૧૦૦ની રેન્કમાં આવ્યા છે. જ્યારે ગુજરાતમાંથી આ વર્ષે વિદ્યાર્થી ઘટતા ૮૧૬૦૫ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જેમાંથી પરીક્ષા આપનાર, ૮૦૧૫૧ વિદ્યાર્થીઓમાંથી ૫૦૦૪૦ વિદ્યાર્થી ક્વોલિફાય થયા છે. આ વર્ષે ૭૧૯૨ વિદ્યાર્થીઓ ઓછા પાસ થયા છે. અને રિઝલ્ટ ૪ ટકા ઘટ્યું છે. મેડિકલમાં પ્રવેશ માટે મેરિટ નીચું જશે.

કટ ઑફ નીચે જવા સાથે મેડિકલમાં મેરિટ નીચું જશે.

| | ૨૦૨૫ | | ૨૦૨૪ | |
|---|---|---|---|---|
| **કેટેગરી** | **માર્કસ-રેન્જ** | **વિદ્યાર્થી** | **માર્કસ-રેન્જ** | **વિદ્યાર્થી** |
| ઓપન (EWS) | ૬૮૬-૧૪૪ | ૧૧૦૧૧૫૧ | ૭૨૦-૧૬૨ | ૧૧૬૫૩૩૪ |
| ઓબીસી | ૧૪૩-૧૧૩ | ૮૮૬૯૨ | ૧૬૧-૧૨૭ | ૧૦૦૮૭૬ |
| એસસી | ૧૪૩-૧૧૩ | ૩૧૯૯૫ | ૧૬૧-૧૨૭ | ૩૪૪૨૦ |
| એસટી | ૧૪૩-૧૧૩ | ૧૩૯૪૦ | ૧૬૧-૧૨૭ | ૧૪૪૧૪ |
| દિવ્યાંગ-ઓપન | ૧૪૩-૧૨૭ | ૪૭૨ | ૧૬૧-૧૨૭ | ૪૭૩ |
| દિવ્યાંગ - ઓબીસી | ૧૨૬-૧૧૩ | ૨૧૬ | ૧૪૩-૧૨૭ | ૨૬૯ |
| દિવ્યાંગ - એસસી | ૧૨૬-૧૧૩ | ૪૮ | ૧૪૩-૧૨૭ | ૫૪ |
| દિવ્યાંગ - એસટી | ૧૨૬-૧૧૩ | ૧૭ | ૧૪૨-૧૨૭ | ૧૩ |

**નીટની પરીક્ષામાં ગુજરાતના ટોપ રેન્કર્સ :**

| **રેન્કર્સ વિદ્યાર્થીનું નામ** | **વિદ્યાર્થી રેન્ક** |
|---|---|
| જેનિલ ભાયાણી | ૦૬ |
| ભવ્ય જહા | ૦૮ |
| યજ્ઞનેશ દેસાઈ | ૪૧ |
| નમ્યા પાનોલિયા | ૫૫ |
| રૂદ્ર ભાવિષી | ૫૭ |
| નીવ માંકડ | ૫૮ |
| મૌલિક ભલગામિયા | ૭૧ |
| સિદ્ધ વોરા | ૯૩ |
| તેજસ શાહ | ૯૪ |

**યુનેસ્કોની ગ્લોબલ એજ્યુકેશન મોનિટરિંગનો અહેવાલ :**

**વૈશ્વિક સ્તરે શાળાએ ન જનારા બાળકોની સંખ્યા વધીને ૨૭.૨ કરોડ થયાનો અંદાજ :**

વૈશ્વિક સ્તરે શાળાએ ન જનારા બાળકોની સંખ્યા હવે ૨૭.૨ કરોડ થઈ ગઈ હોવાનો અંદાજ છે. આ સંખ્યા છેલ્લે મૂકવામાં આવેલા અંદાજથી ૨.૧ કરોડ વધારે છે, તેમ યુનેસ્કોની ગ્લોબલ એજ્યુકેશન મોનિટરીંગ ટીમે જણાવ્યું છે. પ્રાથમિક શાળાની ઉંમર

ધરાવતા ૧૧ ટકા એટલે ૭.૮ કરોડ બાળકો શાળાએ જતા જ નથી. આ રજૂ થયેલા અહેવાલમાં એવી આશંકા વ્યક્ત થઈ છે કે ૨૦૨૫ના અંત સુધીમાં દેશો પોતાના રાષ્ટ્રીય લક્ષ્યાંકોની સરખામણીમાં ૭.૫ કરોડથી વધુ પાછળ રહી જશે.

**ટૂંકાવીને...**

- જ્ઞાનસાધના મેરિટ સ્કોલરશીપ પરીક્ષામાં ધોરણ-૮ના ૪.૮૨ લાખ વિદ્યાર્થીમાંથી ૪૭૨૫૩ને જ ૫૦ ટકાથી વધુ ગુણ.
- ડિગ્રી ઈજનેરી મેરિટમાં ૩૮૩૭૫ વિદ્યાર્થીઓ. આ વર્ષ બે હજાર જેટલા વિદ્યાર્થીઓ ઘટ્યા.
- સીએ-સીએસ માટે ખાનગી કૉલેજો યુનિવર્સિટીઓમાં હાજરી મુદ્દે છૂટછાટ
- મેનેજમેન્ટ ક્વોટામાં પ્રવેશ લેનારા હજારો એસટી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ મળશે.
- કૉલેજો હવે વિદ્યાર્થીને મંજૂર બેઠકો કરતાં વધુ પ્રવેશ ઓફર કરી શકશે.
- રાજ્યની ૬૯૨૧ પ્રાથમિક શાળાઓ મેદાન વગરની.
- ચિત્ર-સંગીત-વ્યાયામ શિક્ષકોની ભરતી થતી નથી.

---

(અનુસંધાન પૃષ્ઠ ૩૮ થી ચાલુ)

પં. જવાહરલાલ નહેરુના તા.૨૫-૮-૧૯૪૮ સંસદભવન ખાતે પ્રવચનના અંશ આ પ્રમાણે છે.

''એક મહાન ઈતિહાસિક પરંપરા કા વાહક હૈ ગીત 'વંદેમાતરમ્'. સ્પષ્ટ હૈ, નિર્વિવાદરૂપ સે ભારત કા સર્વ પ્રથમ રાષ્ટ્રગીત હૈ. યહ ગીત હમારે સ્વાતંત્ર્ય સંગ્રામ કે સાથ તરંગરૂપ સે જુડા હૈ. અપની પ્રતિષ્ઠા કો કાયમ રાખને હેતુ કટિબદ્ધ ઈસ ગીતકા સ્થાન અન્ય કોઈ ગીત નહીં લે સકતા. યહ ગીત સ્વાતંત્રતા કે ભાવાતિરેક તથા માર્મિકતા કે પ્રતિકરૂપ મેં પ્રસ્તુત હૈ.''

'વંદેમાતરમ્' ગીતની પ્રસિદ્ધિથી અંગ્રેજો અકળાઈ ઊઠ્યા તથા તરત જ આદેશ આપવામાં આવ્યો કે, 'વંદેમાતરમ્' ગીત પર પ્રતિબંધ મૂકવામાં આવે છે. પરંતુ ક્રમશઃ 'વંદેમાતરમ્'ના બે શબ્દો સ્વતંત્રતા સંગ્રામના પ્રતીક બની ગયા. ભારતની પ્રજાને માતૃભૂમિ પર પ્રાણ અર્પણ કરવા માટે પ્રેરકબળ સમાન આ ગીત છે. લોકોએ સ્વેચ્છાથી સર્વસ્વ ત્યાગ કરીને પણ 'વંદેમાતરમ્'ને હિમાલયના શિખરે ગાજતું કર્યું છે. વંદેમાતરમ્નો હિંદી ભાવાનુવાદ -

'નમન કરું મેં મા કો,<br>
સુજલા, સુફલા, મલયજ શીતલા,<br>
શસ્ય શ્યામલ કો, હેમા,<br>
જિસકી રાતે શુભ્ર ચાંદની સે પુલકિત હૈ,<br>
ફૂલ કુસુમો વાલે ટ્રમટ્રલ (વૃક્ષો સે) શુશોભિત હૈ,<br>
સુહાસિની કો, શુભાષિણીકા,<br>
સુખદાયી, વરદાયી મા કો નમન...

## સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત શાળાઓમાં ગુરુ પૂર્ણિમાની ઊજવણી

गुरुर्ब्रह्मा गुरुर्विष्णुः गुरुर्देवो महेश्वरः।
गुरु साक्षात् परब्रह्म तस्मै श्रीगुरवे नमः॥





**ડૉ.રક્ષાબેન દવેના નામથી ગુજરાતનું શિક્ષણ જગત સુપેરે પરિચિત છે. કલા, સાહિત્ય અને ભાષાનું શિક્ષણ તેમના રસના વિષયો છે. કલા સાથેનો તેમનો ગાઢ નાતો શિક્ષણ જગતમાં પંકાયેલો છે. અમે તેમના વિશિષ્ટ શૈલીના ચિત્રો 'ઘરશાળા માસિક'માં પ્રગટ કરી તેમની કલાને એ રીતે વંદન કરીશું. આશા છે આમારા વાચકોને આ જરૂર ગમશે.**









**ઘરશાળા**
**ઑગષ્ટ-૨૦૨૫**

Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2022-2024 Valid upto 31st December 2024 (Applied for Renewal) PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ.૨૦/- ● વાર્ષિક લવાજમ : રૂ.૨૦૦/-

## ઝંડાવંદન

તારે કયારે કૈંક દુલારે દિલનાં શોણિત પાયાં;
પુત્રવિજોગી માતાઓનાં નયનઝરણ ઠલવાયાં —
ઝંડા! અજર અમર રે'જેઃ
વધ વધ આકાશે જાજે.
તારે મસ્તક નવ મંડાઈ ગરુડતણી મગરૂરી;
તારે ભાલ નથી આલેખ્યાં સમશિર-ખંજર-છૂરી —
ઝંડા! દીન કબૂતર-શો
ઉરે તુજ રેંટીડો રમતો.
નહિ કિનખાબ-મુખમ્મલ—મશરૂ કેરી તારી પતાકા;
નહિ જરિયાની હીરભરતના ભભકા તુજ પર ટાંક્યા —
ઝંડા! ભૂખરવો તોયે,
દિલો કોટિ તુજ પર મોહે!
પરભક્ષી ભૂતળ-નૌદળના નથી તુજ ધ્વજ ફફડાટા;
વનરમતાં નિર્બલ મૃગલાં પર નથી નથી શેરહુંકાટા —
ઝંડા! ઊડજે લહેરાતોઃ
વ્હાલના વીંઝણલા વાતો.
સપ્ત સિંધુની અંજલિ વહેતો સમીરણ તુજને ભેટે;
ખંડ ખંડની આશિષછોળો ઉદધિતરંગો છાંટે —
ઝંડા! થાકેલા જગનો
દીસે છે તું આશાદીવડો.
નીલ ગગનની નીલપ પીતી ઉન્નત તુજ આંખલડી;
અરુણ તણે કેસરિયે અંજન બીજી મીટ મદીલી
ઝંડા! શશી-દેવે સીંચી,
ત્રિલોચન! ધવલ આંખ ત્રીજી.
એ ત્રણ આંખ ભરી તેં દીઠાં તુજ ગૌરવ-રખવાળાં;
શ્રીફળના ગોટા સમ ફૂટ્યાં ફટફટ શીશ સુંવાળાં —
ઝંડા! સાહિદ રહેજે, હો!
અમારા મૂંગા ભોગ તણો.
કુમળાંબાળ, કિશોર, બુઝર્ગો — સહુ તુજ કાજે ધાયાં,
નર-નારી નિર્ધન-ધનવંતો — એ સબ ભેદ ભુલાયા;
ઝંડા! સાહિદ રહેજે, હો!
રુધિરનાં બિન્દુ બિન્દુ તણો.
કો માતાના ખાલી ખોળે આજ બન્યો તું બેટો;
કપાળનાં કંકુડાં હારી તેને પણ બળ દેતો —
ઝંડા! સાહિદ રહેજે, હો!
હજારો છાનાં સ્વાર્પણનો.
તુજને ગોદ લઈ સૂનારાં મેં દીઠાં ટાબરિયાં;
તારાં ગીત તણી મસ્તીમાં ભૂખ-તરસ વીસરિયાં —
ઝંડા! કામણ શાં કરિયાં!
ફિદા થઈ તુજ પાછળ ફરિયાં.
આજ સુધી અમ અવળી ભક્તિઃ જૂઠા ધ્વજ પર ધાયાં;
રક્તપિપાસુ રાજકુલોના નેજા કાજ કપાયાં —
ઝંડા! નિમકહલાલીનું
હતું એ કૂડ-બિરદ જૂનું.
પંથ પંથ ને દેવદેવની પૂજી ધજા નિરાળી;
એ પૂજન પર શીશ કપાવ્યાંઃ હાય! કથા એ કાળી —
ઝંડા! વીત્યા યુગ એવા,
સકલ વંદનનો તું દેવા.
તું સાચું અમ કલ્પતરુવરઃ મુક્તિફળ તુજ ડાળે;
તારી શીત સુગંધ નથી કો માનસ-સરની પાળે —
ઝંડા! જુગ જુગ પાંગરજે;
સુગંધી ભૂતલ પર ભરજે!
રાષ્ટ્ર—દેવના ઘુમ્મટ ઉપર ગહેરે નાદ ફરુકે;
સબ ધર્મોના એ રક્ષકને સંતનૃપાલો ઝૂકે —
ઝંડા! આજ ન જે નમશે,
કાલ તુજ ધૂલિ શિર ધરશે!
આઠે પહોર હુંકારા કરતો જાગ્રત રહે, ઉમંગી!
સાવધ રહેજે, પહેરો દેજે, અમે ન રહીએ ઊંઘી —
ઝંડા! સ્વરાજ્યના સંત્રી!
રહો તુજ ઝાલર રણઝણતી !

**— ઝવેરચંદ મેઘાણી**

**માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭**
**મુદ્રક,પ્રકાશક અને તંત્રી : સજુભા ઝાલા એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,**
**૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. મો. ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું**